ચિરકુટ ચર્ચા સમીક્ષા

(પ્રથમ પુષ્પ)

ગોસ્વામી શ્યામ મનોહર
(સમીક્ષક-પ્રકાશક)

(ગુજરાતી અનુવાદક - પ્રકાશક)
પુષ્ટિ અસ્મિતા અભિયાન - રાજકોટ

સમીક્ષા વિષયક વિધાન

વિધાન (૧)

MANMATH RAI Aug. 11

PLZ DON'T LISTEN & GET TRAPPED IN THE KING OF RUMOURS... (BULL-SHIT!) NO MATTER WHAT... WE SHUOULD ALWAYS & ALWAYS SHOULD HAVE SHRINATHJI'S PRASHAAD !!! LET SOM (CONFUSED SHRUD)

PEOPLE SAY WHATEVER THEY WANT TO... BUT IF U'R A PUSHTIMARGIYA VALLABHIYA VAISHNAV... YOU SHOULD ALWAYS KEEP VISITING NATHDWARA, VRAJ & SHOULD ALWAYS HAVE SHRIJI'S PRASAAD, WHENEVER U GET THAT FOURTUNATE OPPORTUNITIY...

જે શ્રીનાથજીનો પ્રસાદ નથી લેતો તેનાથી મોટો પાપી અને બહિર્મુખ કોઈ નથી ! ! REPEAT WITH A PROUD ALLOVER... **જે શ્રીનાથજીનો પ્રસાદ નથી લેતો તેનાથી મોટો પાપી અને બહિર્મુખ કોઈ નથી !**

વિધાન (૨)

MANMATHRAI Aug. 12

નાથદ્વારા તો શ્રીમહાપ્રભુજીના સમયથી જ દેવદ્વાર છે. વાર્તામાં પણ આ સ્પષ્ટ આવે છે કે "શ્રીનાથદ્વારાકું દેવદ્વાર રાખે હૈં" તો જે રીતે જગન્નાથ બદરીનાથ રામેશ્વર વગેરે દેવદ્વારા છે તે જ રીતે શ્રીનાથજી પુષ્ટિમાર્ગનું એક માત્ર દેવદ્વાર છે અને આપ વૈષ્ણવ મને વાર્તાસાહિત્યમાંથી એ બતાવો કે શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી અને બીજા આચાર્યો નહોતા લેતા તો આપનો દેવદ્રવ્યનો પક્ષ દ્રઢ થાય છે.

મગર અગર શ્રીમહાપ્રભુજી અને એમના વૈષ્ણવ પૂર્વકાલથી જ શ્રીજીનો પ્રસાદ એ જાણતા હોવા છતાં કે આ દેવદ્રવ્ય છે અગર લેતા આવ્યા છે તો એ સ્પષ્ટ થઈ ગયું કે "ન ગ્રાહ્યમ ઈતિ વાક્યં હિ ભિન્નમાર્ગપરં મતં સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિધ્યતિ."

એક વખત પ્રભુને નિવેદિત વસ્તુ સેવાપયોગી હોવાથી ગ્રાહ્ય બની જાય છે. આ માર્ગીય સિદ્ધાંત છે. શ્રીજીના સીવાય જો કોઈ હવેલીમાં પ્રસાદની રાશિ (મૂલ્ય)ને બદલે રસીદ= રીસિપ્ટ ઉપર જો નામ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી કે પછી કોઈ ગોસ્વામી બાલક કે પૂર્વાચાર્યનું હોય તો પણ તે રાશિ (મૂલ્ય) ગુરૂભેટ સિદ્ધ થાય છે અને તે પણ દેવદ્રવ્ય માનવામાં નહીં આવે.

હાં, તેના ઉપર જો શ્રીઠાકોરજીનું નામ કે શ્રીઠાકોરજીના ટ્રસ્ટનું નામ હોય તો તે દેવદ્રવ્ય માની શકાશે. અને તેનો ઉપભોગ યોગ્ય નથી. છતાં પણ શ્રીજીનો પ્રસાદ તો કોઈપણ કીંમતે કોઈપણ હાલતમાં ઉપયુક્ત ઉપયોગી અને ઉત્તમોત્તમ છે અને એને લેવાથી માર્ગીય સિદ્ધાંતનું કોઈ ઉલ્લંઘન નથી થતું. આ હું સમજ્યો છું મારા વાંચન અને સ્વાધ્યાય દ્વારા. નહીં કે કોઈના ચટપટા વ્યંગવાળા પ્રવચનોથી તમે સમજી રહ્યા છો ને મારો ઈશારો કોના તરફ છે?

ભૂમિકા

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ દ્વારા પ્રવર્તિત પુષ્ટિમાર્ગના પ્રમાણાધારના રૂપમાં આપશ્રી દ્વારા વિરચિત ગંભીર દાર્શનિક ચિંતનથી પ્રચુર અનેક ગ્રંથ ઉપલબ્ધ છે. પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણના પ્રત્યે અનન્ય ભક્તિમાં પુષ્ટિજીવની પ્રમેયનિષ્ઠા પણ પ્રકટ થઈ શકે જ છે. તે પ્રમેયનિષ્ઠાને અનુરૂપ એમના ઉભયાત્મજો દ્વારા સુવ્યવસ્થિત કરાયેલી વિલક્ષણ પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી પણ અતિશય મનોરમ છે. તદુપરાંત આ ભૂતલ ઉપર પુષ્ટિભક્તના રૂપમાં નિજ પુષ્ટિપ્રભુ ભગવાનના તાદાત્મ્યને જાણી શકવાની, ચાહી શકવાની; અને જીવી શકવાની આશ્વસ્તતા જ આવા માર્ગના સાધકને કૃતકૃત્ય બનાવનારી ફલપ્રાપ્તિ છે. આમ પ્રમાણ પ્રમેય સાધન અને ફલ ચારેય પ્રકારોની દિવ્યચતુષ્ટયીવાળો આ માર્ગ છે !

આટલી બધી મહનીય શ્રેષ્ઠતાના હોવા છતાં વિપરિત જે આજે આપણા સંપ્રદાયમાં અધોગામિતા ઉભરાવા લાગી છે, તેનું મૂલ કારણ આ સંપ્રદાયમાં ગુરૂપદોચિત લાભપૂજા મેળવવાવાળા અમે ગોસ્વામિઓનું સર્વથા ઉત્તરદાયિત્વવિહીન નેતૃત્વ તથા સ્વમાર્ગીય સિદ્ધાંતબોધ અને સિદ્ધાન્તોપદેશ કરી શકવાની ક્ષમતાનું દારિદ્રય છે !

આચાર્યચરણના દ્વિતીય આત્મજ પ્રભુચરણદ્વારા પ્રદત્ત **"ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્"** આ ગુરૂના સ્વરૂપલક્ષણનું મહત્વ તો શ્રદ્ધાજાડ્યની ઝોંકમાં આપણે આપણા સંપ્રદાયમાં માની લીધું, પરંતુ ગુરૂના આચાર્યચરણદ્વારા ઉપદિષ્ટ **"કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરં શ્રીભાગવતતત્વજ્ઞમ્"** રૂપ ફલમુખલક્ષણની આપણે નિષ્ઠુર ઉપેક્ષા કરી છે. આનું જ દુષ્પરિણામ હવે પોતાના ભિષણતમરૂપમાં સામે આવી ગયું છે. પુષ્ટિસમ્પ્રદાયના ગોસ્વામી માત્ર વલ્લભવંશજ હોવા સીવાય બીજા કોઈ પણ પ્રકારે,

કોઈ વ્યાપારિક પ્રતિષ્ઠાનમાં કલાર્ક કે પટ્ટાવાળાનું કામ કરી શકવાને પણ, યોગ્ય હોય કે ન હોય તેમને બાલ્યાવસ્થાથી જ સાક્ષાત પુરૂષાત્તમ માની લેવાની ભ્રમણાથી આપણે ગ્રસ્ત થઈ જઈએ છીએ. આ ભ્રમણા સ્વયં અમારા અંદર અને અમારા અનુયાયીઓ (વૈષ્ણવો)ની અંદર ઠાંસી-ઠાંસીને ભરી દેવામાં આવે છે. આના દુષ્પરિણામ રૂપે કેટલી જાતના અનર્થો પેદા થઈ જાય કે, જેમ કે એક સુભાષિતમાં કહેવાયું છે કે **“યૌવનં ધનસંપતિઃ પ્રભુત્વમ્ અવિવેકિતા ઐકૈકમપિ અનર્થાય કિમુ યત્ર ચતુષ્ટયમ્ !”** તે મુજબ આપણે વાર્ધક્યમાં પણ યૌવનપીડાથી ઘેરાયેલા રહીએ છીએ, ભક્તિ અને ભગવાનના નામઉપર કોઈ પણ જાતની મહેનત વગર મળતા ધનથી પણ સંપન્ન થઈએ છીએ, અનુયાયી વર્ગ દ્વારા નિરંતર “જૈ કૃપાનાથ ! જૈ કૃપાનાથ !”ના ભ્રામક સંબોધનોના કારણે પ્રભુત્વની મનોગ્રંથીથી પણ પીડિત રહીએ છીએ; અને, ન પુષ્ટિસમાજમાં પોતાના પારંપરિક ઉત્તરદાયિત્વની વિવેકશીલતા અને ન બહારના સમાજમાં વિકસિત આધુનિક વિવેકશીલતા પણ અમારી અંદર આવી શકે છે. આમ અમે ગોસ્વામિઓનો બહુસંખ્યક સમુદાય ઉપરની સુભાષિતના જીવિત ઉદાહરણ બની ગયા છીએ.

વિગત ગ્રીષ્મ ઋતુમાં ઘણા લોકોએ મને સૂચના આપી કે ‘ઓરકુટ’ નામની વેબ-સાઈટ ઉપર આપની સખત આલોચના આવી રહી છે. કરવાવાળા કોણ છે? આ જિજ્ઞાસા કરી ત્યારે જે નામ અને એમની મુદ્રિત પ્રતિઓ જોવા મળી તો મને ‘નહિ રૂતમનુરૌતિ’ ન્યાયથી મને તે ઉપેક્ષણીય લાગી. હવે તો એવા પણ સમાચાર મળવા લાગી ગયા છે કે આ ‘ઓરકુટ’ સાઈટ ઉપર પોતાના સમાધાનીઓને બદલે અનેક ગોસ્વામિમહાનુભાવ વૈષ્ણવોને પોતાના ઠાકુરજીના મનોરથોના આમંત્રણ એમના ફોટા અને તેના માટે પૈસાની માગણી પણ કરવા લાગી ગયા છે. આટલું માનો કે ઓછું પડતું હોય તેથી પોતાની અપરણિત પ્રિયતમાઓ સાથે પ્રેમાલાપ પણ કરવા લાગ્યા છે. અસમર્પિતત્યાગના નગારા

વગાડવાવાળા હોટલોમાં મળતી ચાઈનીઝ-બર્ગર થાઈ-બર્ગર અને સિજલર જેવી અખાદ્ય ફૂડ આઈટમ ખાવાના પોતાના શોખનો પણ પ્રચાર ખુલ્લેઆમ કરવા લાગ્યા છે. તેથી મને લાગ્યું કે વાત કાંઈક ગંભીર વળાંક લઈ રહી છે. છતાં પણ આ તો તે-તે ગોસ્વામિઓનો વ્યક્તિગત વિષય હોવાથી શા માટે અને કેવી રીતે નિરર્થક માથાફોડી કરવી? આમ વીચાર કરીને મેં રૂચિ ન બતાવી.

ત્યાર પછી આ જ (‘ઓરકુટ’)ના ગ્રુપના ગોસ્વામિઓ તથા વૈષ્ણવોંની વચ્ચે અચાનક “શ્રીનાથજીનો પ્રસાદ દેવદ્રવ્ય થાય છે કે નહીં?” આવી ચર્ચા જોરશોરથી છેડાઈ ગઈ.

અને લ્યો આ જ ગો.બા.ને સંપ્રદાયના સિદ્ધાંત પરમ્પરા વાર્તાસાહિત્ય અને શ્રીગોવર્ધનોદ્ધરણની મહત્તાની યાદ સતાવવા લાગી ! અને પછી તો સિદ્ધાંતચર્ચા કરવાવાળા વૈષ્ણવોને આ લોકોમાંથી કેટલાકે ડરાવવા-ધમકાવવાનું શરૂ કરી દીધું. કારણ વગરનું મારૂ પણ નામ વચમાં સંડોવવામાં આવ્યું કે હું તેઓને ભડકાવી રહ્યો છું. જ્યારે કે હું તો જાણતો પણ નથી કે કોણ કોણ આ ચર્ચામાં ભાગ લઈ રહ્યા છે અને ન તો મારે ત્યાં ઈંટરનેટ છે. સાંભળ્યું કે પર્સનલ સ્ક્રેપપેપરમાં એક-બીજાને સાવધાન પણ કરવામાં આવ્યા કે વૈષ્ણવોના નામથી ગોસ્વામી શ્યામ મનોહર જ ‘ઓરકુટ’ ઉપર ઉધમ કરી રહ્યા છે. આવી સુચના મળવાથી મેં પણ જાણવા ઈચ્છયું કે ખરેખર મુદ્દો શું છે? તેથી ચાલી રહેલી ચર્ચાની મુદ્રિત પ્રત મેં પણ મંગાવી અને ત્યારે વાંચવાથી ખબર પડી કે આ વેબસાઈટ ઉપર પોતાની હલકટ માનસિકતા, હલકટ સ્વધર્મનિષ્ઠા અને પોતાની લાભપૂજાને માત્ર વધારવા માટે કેટલા ઘૃણાસ્પદ સ્તર ઉપર સાંપ્રદાયિક સિદ્ધાંતોનું વિકૃત સ્વરૂપ અમે વલ્લભવંશજો જ રજુ કરી રહ્યા છીએ !

વ્રજભાષાના એક ભગવલ્લીલાગાનપરક પદમાં મુક્તામાલ તુટવા અને ઉરોવસ્ત્રના ચિરકુટ હોવાનું વર્ણન તો મધુર માની શકાય

છે; પરંતુ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણદ્વારા આપણા ગળામાં ધારણ કરવા માટે નિમાયેલી સિદ્ધાન્તમુક્તાવલીને તોડવી અને ભક્તોના હૃદયમાં એમના સેવ્યપ્રભુ જે ભાવાત્મક આસન ઉપર બિરાજી શક્યા તેને ચિરકુટ બનાવવાના ષડયંત્ર કરવાવાળા આ વલ્લભવંશજોને રોકવામાં નહીં આવે તો, તેઓ પોતાના ક્ષુદ્ર જ નહીં ઉલ્ટુ ગહર્ય (તીરસ્કારવા યોગ્ય) સ્વાર્થને વશ, દિવ્ય માર્ગનો નિરર્થક સર્વનાશ કરી દેવા ટેવાઈ જશે. એટલા માટે આમની ચિંથરેહાલવાળી માર્ગનિષ્ઠા અને આ ચિંથરેહાલવાળા સ્વમાર્ગીય સિદ્ધાંતબોધ પ્રકટ કરવાવાળી ચિરકુટચર્ચાને ઉઘાડી પાડવી દરેક પુષ્ટિમાર્ગીયનું મુખ્ય કર્તવ્ય છે. એટલા માટે આ ગોસ્વામિબાલકો દ્વારા ચલાવવામાં આવતી ચર્ચાને હું 'ચિરકુટ ચર્ચા' કહેવા માગું છું.

એમના ચિરકુટવિધાનોની સમીક્ષા ત્યાં સુધી નિરંતર પ્રકાશિત કરતો રહીશ જ્યાં સુધી એ ઓરકુટ ઉપર સ્વામાર્ગીય જનતાને છેતરતા રહેશે !

મોટાભાગે આ ગોસ્વામિબાલકોમાં મારી સાથે સંબંધ અને ઉંમરમાં કનિષ્ઠ છે. તેથી આપણે ત્યાં આવાઓને 'ચિ.' લખવા-કહેવાની પરિપાટી છે. મારી આ સમીક્ષામાં જે 'ચિ.' વિશેષણનો મેં પ્રયોગ કર્યો છે, તે એ જ પરિપાટીને નિભાવવા માટે છે નહીં કે એમને ચિરકુટ કહેવા માટે ! કારણ આમાં પણ ગંભીર છે ! અને તે આ કે તારીખ ૧૦-૧૩ જાન્યુઆરી ૯૨માં આમના અઘોષિત પ્રતિનિધિને જ્યારે પક્ષગ્રહણની પ્રક્રીયામાં ફંસાઈ જવાથી સ્વીકારવું પડ્યું હતું કે ભગવત્સેવા માટે જનતા પાસેથી પૈસા માગવાવાળા (લેવાવાળા) અપવિત્ર દેવલક થાય છે ત્યારે જુનાગઢના પ્રવચનમાં તેઓએ કહ્યું કે ઉત્તમકક્ષાનો અધિકારી તનુવિત્તજા સેવા કરતો હોય પણ તેની સામે જઘન્યકક્ષાનો અધિકારી ભગવાનની સેવાના નામે બીજા પાસેથી પૈસા ન માગે તો શું દરીયામાં પડીને મરી જાય? મારી પાસે એ પ્રવચનની ટેપ સુરક્ષિત છે. તેથી મને બીક લાગે છે કે સિદ્ધાંતનું સાચું સ્વરૂપ આને સમજાવવાથી સ્વયં-પોતાને સુધારવાને બદલે આ ગોસ્વામિબાલક ક્યાંક દરિયામાં ડૂબીને મરી જવા માટે તૈયાર ન થઈ જાય ! નહીંતર ખાલીફોગટ દશરાત્રિનું સૂતક પાળવાનો દંડ મારે ભોગવવો પડશે ! એટલા માટે આને 'ચિરં જીવ- ચિરં જીવ !' આશિર્વાદ દેતા રહેવા માટે જ એમના નામની સાથે 'ચિ.' વિશેષણ લગાડવું મને જરૂરી લાગે છે. ઈતિ શમ્.

રક્ષાપૂર્ણિમા, વિ.સં. ૨૦૬૩ **ગોસ્વામી શ્યામ મનોહર**

ચિરકુટ ચર્ચા

વિધાન (૧)

MANMATH RAI Aug. 11

PLZ DON'T LISTEN & GET TRAPPED IN THE KING OF RUMOURS... (BULL-SHIT!) NO MATTER WHAT... WE SHUOULD ALWAYS & ALWAYS SHOULD HAVE SHRINATHJI'S PRASHAAD !!! LET SOM (CONFUSED SHRUD)

સમીક્ષા

ચિ.મન્મથરાય બાવાએ આ ચર્ચામાં સહભાગી થવાનો પ્રથમ વાચાર્પણ જ ગાલીગલૌચની સાથે શરૂ કરી પોતાની અસભ્ય ભાષા અને માનસિકતાનો પરિચય આપી દીધો ! 'બુલશિટ્' ગાળનો અર્થ અંગ્રેજી ડિક્શનરીમાં "Vulgar Slang, Foolish, uniformed, pretentious, or exaggerated talk, nonsense" આપવામાં આવેલા છે. આમ તો અંગ્રેજી ભાષામાં 'બુલ' શબ્દ ગોવંશજાત બળદથી વધારે ઘોડા હાથી વગેરે અનેક પ્રાણિઓના નરના વાચકતયા પ્રયુક્ત થાય છે, તેથી આશા રાખવી જોઇએ કે ગોવંશીય વૃષભના ગોબરના અર્થમાં તો ચિ.મન્મથબાવાએ ગાળ નહીં આપી હોય. કેમ કે પૂર્વાચાર્યો દ્વારા સ્વીકૃત શાસ્ત્રોમાં તે તો ચોરી વગેરે કરવાના અનેક નાનામોટા પાપકૃત્યોના પ્રાયશ્ચિતાર્થ પંચગવ્યતયા શોધક પદાર્થ માનવામાં આવેલ છે. આને જ ગાળ માની લેવાથી તો ચિ. બાવાના ભારતીય સંસ્કૃતિ અને ધર્મના બદલે પશ્ચિમ સભ્યતા અને ધર્મથી હૃદયના ગ્રસ્ત હોવાનો ચોર પણ પકડાઈ જશે ! ખૈર કોઈ પણ હાલતમાં ગાલીગલૌચ પણ કોઈ એટલી ખરાબ વાત નથી, પણ સ્વયં કોઈ જો તેના વગર વાતની શરૂઆત ન કરી શકતો હોય તો, પછી બીજો પણ જો જવાબમાં ગાળ દેવા લાગે ત્યારે તેનું ખોટું લગાડવાનો અધિકાર છિનવાઈ જાય છે.

PEOPLE SAY WHATEVER THEY WANT TO... BUT IF U'R A PUSHTIMARGIYA VALLABHIYA VAISHNAV... YOU SHOULD ALWAYS KEEP VISITING NATHDWARA, VRAJ & SHOULD ALWAYS HAVE SHRIJI'S PRASAAD, WHENEVER U GET THAT FOURTUNATE OPPORTUNITIY...

જે શ્રીનાથજીનો પ્રસાદ નથી લેતો તેનાથી મોટો પાપી અને બહિર્મુખ કોઈ નથી ! I REPEAT WITH A PROUD ALLOVER... જે શ્રીનાથજીનો પ્રસાદ નથી લેતો તેનાથી મોટો પાપી અને બહિર્મુખ કોઈ નથી !

બીજી વાત ચિ. બાવાએ આ કહી છે કે કેટલાક ભ્રાન્ત અને ધૂર્ત (CONFUSED & SHRUD) લોકો દેવદ્રવ્ય ખાવાની મનાઈ કરતાં પણ હોય તો એમની પરવા ન કરવી જોઈએ. આ વાક્યનો હાર્દિક અભિપ્રાય સમજવામાં થોડી મુશ્કેલી સામે આવી રહી છે. ચિ.મન્મથ બાવા પોતાના ઔરસ પિતા ગોસ્વામી નીરજકુમાર અને ઔરસ પિતામહ ગોસ્વામી માધવરાયજીને અહીં 'ભ્રાન્ત અને ધૂર્ત' કહી રહ્યા છે કે ધર્મપિતામહ ગોસ્વામી દીક્ષિતજીને !

કારણ કે આ ત્રણેએ પણ દેવદ્રવ્ય ન ખાવાની વાત સ્વીકારી છે. પ્રથમ બંનેએ સંયુક્તઘોષણાપત્ર ઉપર (દ્રષ્ટઃ આધુનિક ન્યાયપ્રણાલી ઔર પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી કા આપસી ટકરાવ પૃ. ૧૩૦-૧૩૨) હસ્તાક્ષર કરીને અને ગોસ્વામી દીક્ષિતજી મહારાજે પોતાના 'મુંબઈ સમાચાર' ગુજરાતી દૈનિક અને શ્રીવલ્લભવિજ્ઞાનમાં પ્રકાશિત કરાયેલા લેખોમાં જેમના અંશ (ત્રાંજ આ.ન્યા.પ્ર.પુ.સા.પ્ર.ટ. પૃષ્ઠ ૧૧૯) અમૃતવચનાવલીમાં સંકલિત કરેલ છે.

પોતાના પૂર્વજોને ચિ. મન્મથબાવા શા માટે ભ્રાન્ત અને ધૂર્ત માની રહ્યા છે તેનું વાસ્તવિક કારણ તો તેઓ સ્વયં ખુલાવટ કરીને બોલે ત્યારે પ્રકટ થઈ શકે છે. તે દરમ્યાન પ્રસ્તુત

ચિરકુટચર્ચામાં એમની વાતોને વાંચવાથી ઉપસતા અનુમાનના આધારે આવી સંભાવના પ્રબલ લાગે છે :

૧. વિગત સો વર્ષમાં ચિ.મન્મથ બાવાની બરાબરીમાં સ્વમાર્ગીય સિદ્ધાંતગ્રંથોનું અધ્યયન બીજું કોઈ કરી નથી શક્યું એવી ચિ.મન્મથ બાવાની મૂઢતા ભરેલી માન્યતા હોવાથી એમના ઔરસ પિતા-પિતામહને એ ભ્રાન્ત અને ધૂર્ત માનતા હશે.

૨. કેમ કે બીજા કોઈ પ્રકારની આધુનિક શિક્ષાપ્રણાલી કદાચ ન લઈ શકવાની પણ લાચારી હશે. અને ધંધાદારી હવેલી ચલાવ્યા વગર મોજશોખ મારવા અને પેટ ભરવા માટે ધન મેળવવાના બીજા ઉપાય જાણતા ન હોવાની પણ મૂલભૂત અયોગ્યતાના કારણે, જે વાપીમાં હવેલી ખોલવી પડી છે, તેમાં ભગવત્સેવાનો સિદ્ધાંતશુદ્ધ પ્રકાર આડખીલી રૂપે બનતો હોવો જોઈએ. તેથી પોતાના પૂર્વજોને ભ્રાન્ત અને ધૂર્ત માનવા સીવાય ચિ. મન્મથ બાવાની પાસે હવે કોઈ ઉપાય બચ્યો નથી તેવું લાગે છે ! એટલા માટે જ ગ્રંથોપદિષ્ટ-તનુવિત્તજાની પુષ્ટિમાર્ગીય ક્રિયા, પોતાના ઘરમાં ભાવસંગોપન સાથે ભગવત્સેવા કરવાના પુષ્ટિમાર્ગીય ભાવ તથા ભગવાનમાં પોતાના ચિત્તને લગાડવાના ભક્તિમાર્ગીય ઉપાયતયા ભગવત્સેવા નિભાવવાના બદલે ગામને બેવકૂફ બનાવીને પૈસો ભેગો કરવાનો સરળતમ ધંધો હવેલી ચલાવવી હોવાના કારણે પણ અને પોતાના આચાર્યવંશજ હોવાના આત્મગૌરવના પણ નાશ થઈ જવાના કારણે પણ. પોતાના આ પૂર્વજોને ગાળો દેવા સીવાય હવે કોઈ ઉપાય ચિ. મન્મથ બાવાની પાસે

આ બંનેમાંથી પ્રથમ કારણને ઉચિત માનવામાં મુશ્કેલી જે સામે આવે છે તે આ સમીક્ષામાળાના એક-એક પુષ્પ જેમ જેમ પ્રગટ થતા જશે તેમ તેમ આપમેળે જ ચિ.મન્મથ બાવાના શાસ્ત્રાધ્યયન કે સિદ્ધાંતબોધના કાચા ચિઠ્ઠા બધાની સામે ખુલી જ જશે. એટલે કે ચિ.મન્મથ બાવાનું પોતાના આ પૂર્વજોની સરખામણીમાં ગ્રંથાધ્યયન કેટલું અને કેવું છે !

આ વાત પણ હું એક નાદાન બાલકની નિંદા કરવા માટે ક્રોધ કે દ્વેષના મનોભાવવશ નહીં પરંતુ પોતાના પરિવારના એક લાચાર બાલકના ગુરૂપદોચિત અધ્યયન કરવાથી વંચિત રહી જવાના કારણે સ્વમાર્ગીય સિદ્ધાંતના વિષયમાં અનર્ગલ યદ્વા-તદ્વા પ્રલાપ કરવાની મૂઢચેષ્ટાને જોઈને હૃદયમાં પ્રગટેલા પારિવારિક અપરાધબોધના ભાવને કારણે પ્રગટેલી આત્મગ્લાનિ અને અપરાધ સ્વીકૃતિને માત્ર મુખરિત કરવા માટે કરી રહ્યો છું !

હવે રહી જાય છે વાત બીજા કારણની. આમાં આ અભણ બાલકના પ્રત્યે તેના અભણ હોવાના કે અધિકાધિક અર્ધપઠિત હોવું, જે વધારે હાનિકારક હોય છે, તે તથ્યના પ્રત્યે પૂર્ણ સહાનુભૂતિ રાખવા છતાં અમુક સ્પષ્ટીકરણ આ સમીક્ષામાં અહીં આપવા જ પડશે.

હમણાં જ ''મન્મથરાયકે કુંવર લાડિલેશ (પ્રાકટ્યવાર્તા)'' જોવા મળી તેમાં વાપીમાં ખોલવામાં આવેલી ધંધાદારી હવેલીમાં પોતાના ધંધાને ધમધોકાર ચલાવવા માટે પધરાવેલા ઠાકોરજીને શ્રીમાધવ ભટ્ટ કાશ્મિરીના સેવ્ય હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલા માટે ખોટેખોટી પ્રાકટયવાર્તા લખાવેલી છે : કેવી રીતે સપનામાં ઠાકોરજીએ પોતાના વિષે જણાવ્યુ, કેવી રીતે આ ઠાકોરજી અને મહાપ્રભુજીના હસ્તાક્ષર ત્યાં જતિપુરામાં બિરાજી રહ્યા હતા; અને કેવી રીતે ત્યાંથી એમના પિતામહ પધરાવીને લાવ્યા વગેરે-

વગેરે. આ બધી જ મનઘડંત વાતો છે. અને લૂલા બચાવની કેવી રીતે તે વાત ભાઈઓના આંતરિક કલેશને કારણે છુપાવી રાખવામાં આવી તે આટલા વર્ષો સુધી પ્રગટ ન થઈ શકી અને કેવી રીતે ઓચિંતાના બધા ચમત્કાર પ્રકટ થઈ ગયા વિ.વિ. (પૃ. ૫-૨૨). આ મૂઢ બાલકને એટલીયે ભાન નથી કે ખરેખર જો સંયુક્ત પરિવારના આ નિધિસ્વરૂપ હોય તો અને સંયુક્ત પરિવારના જ જતિપુરાના ઘરમાં બિરાજેલા હતા તો ત્યાંથી છાનામાના લઈ આવીને છુપાવી રાખવાથી આ બેવકૂફ વ્યક્તિ ઉપર કેશ દાખલ થઈ શકે છે કે કાં તો ‘કુંવર લાડિલેશ’ નામથી મિથ્યાખ્યાત સ્વરૂપને તાત્કાલિક સંયુક્ત પરિવારના કર્તાના હવાલે કરો નહીંતર કોર્ટરિસીવર પણ વાપીની હવેલી ઉપર બેસાડી શકાય છે. આ કામ માટે સંયુક્ત પરિવારના પુરૂષસદસ્ય જ નહીં પરંતુ જે પોતાના પરિવારની બહેન-બેટિઓનો હક્ક પચાવવાનું ષડયન્ત્ર આ પરિવાર કરી રહ્યો છે તે પણ સીધીસાદી નોટિસ આપીને આ મુદ્દો કોર્ટમાં ઉઠાવી શકે છે અને ત્યારે આ પ્રાકટ્યવાર્તાને ખોટી કહેવાથી તો હવેલી ધંધામાં લાભના બદલે રોકેલી આ મૂડી પણ ગુમાવવી પડશે !

આમ તો મેં કોઈકના મોઢેથી એવું સાંભળ્યું કે એક દિવસ મુંબઈના મોટા મંદિરના મોટા મુખીયાજીને મંદીરમાં અપરસમાં નહાયા પછી અચાનક જ ટ્રસ્ટીએ બજારના ભજીયા ખાતા અને ચા પીતા હાથોહાથ પકડી લીધા ! બિચારા ! શું જવાબ આપે તેથી પોતાનો છેડો ફાડવા માટે બોલ્યા ‘‘નિ.લી. શ્રીમુકુન્દરાયજી અમને આજ્ઞા કરી ગયા છે કે ઠાકોરજીને પરિશ્રમ ન આપશો બજારનો ચા-નાસ્તો ખાઈને મુસ્તેદીથી સેવા કરજો !’’

સ્વાભાવિક છે કયો ટ્રસ્ટી નિ.લી. મહારાજશ્રીને પૂછવા ઉપર જશે કે આપે આવી આજ્ઞા ખરેખર આપી છે કે નહીં?

તે જ તરકીબ આ પ્રાકટ્યવાર્તામાં નિ.લી. માધવરાયજીના નામ ઉપર ઠોકીને અપનાવેલી છે, એમના દિવંગત થયા બાદ ! તેથી

કાં તો અપર્યાપ્ત મનોમન્થનના કારણે અથવા મોટા મંદિરના બજારના ચા-નાસ્તા કરવાવાળા મુખિયાજીને ગુરૂભેટનું નારિયલ ચઢાવીને આ પ્રાકટ્યવાર્તા પ્રકટ કરેલી છે !

કેમ કે હું પોતે જતિપુરાના મંદિરમાં સન ૫૫થી લઈને, જ્યારે ત્યાં સેવા પ્રકાર ચાલતો હતો, લગભગ છએક વખત ગયો હતો. છ-સાત દિવસ સુધી તે મંદીરમાં રહ્યો પણ હતો અને સેવામાં પણ રોજ નહાતો હતો. પ્રાકટ્યવાર્તામાં પ્રકાશિત ચિત્રને અનુરૂપ એક પણ સ્વરૂપ ત્યાં બિરાજતું ન હતું. ચિ.મન્મથ બાવાના ઔરસ પિતામહની સાથે પણ, કાકા-ભત્રીજાથી પણ વધારે બે મિત્રોની જેમ, મારે દીવસરાતનું ઉઠવા-બેસવાનું પણ અમારા મંદીરમાં ૩૫ વર્ષના નિવાસના દરમ્યાન હતું જ. ક્યારેય પણ આવા કોઈ ઠાકુરજીની તેમની પાસે હોવાની વાત મેં તો જોઈ કે સાંભળી નથી.

હાં એક વખત મારી ઉપસ્થિતિમાં ચેન્નાઈવાળા બડેકાકાજીને આમના પિતામહે પૂછ્યું હતું કે ‘‘કોઈ સ્વરૂપ મહાપ્રભુજી કે ગુસાંઈજીની નિધિ છે કે નહીં કેવી રીતે ઓળખવું?’’ અને બડેકાકાજીની પાસે એવું કોઈ પ્રાચીન સ્વરૂપ હોય તો માધવકાકાએ માંગ્યુ પણ હતું. બડેકાકાજીએ ત્યારે કહ્યું કે એમની પાસે નિધિસ્વરૂપ તો નથી પરંતુ એટલા પ્રાચીન સ્વરૂપ જરૂર છે તે પધરાવી શકાય છે.

સમજવાની વાત છે કે મહાપ્રભુજીના આવા નિધિસ્વરૂપ જો ગોવર્ધનેશજી મહારાજના સમયથી પરિવારમાં બિરાજતા હોત તો ત્રણ-ચાર પેઢી સુધી માધવકાકાથી મોટાભાઈ કેટલા હતા, એઓને ખબર ન હોવી અથવા ખબર પડવા છતાંય તેમને જતિપુરાના ઉજ્જડ ઘરમાં બિરાજી રહેવા દેવા આ પ્રાકટ્યવાર્તાની સૌથી લચર અવિશ્વસનીય વાત છે. આવું કેવી રીતે સંભવી શકે? જ્યારે કે ગુસાંઈજીના નિધિસ્વરૂપ નાગરજી, છોટે મદનમોહનજી, અને નવનીતપ્રિયાજી અહીં મુંબઈ પધરાવી લીધા હતા !

આમ છતાં પણ ચિ.મન્મથ બાવાની આ તીસમારખાની કે સો

વર્ષની અંદર થયેલા કોઈ જ ગોસ્વામી બાલકોના વચન તેઓ પુષ્ટિમાર્ગની બાબતમાં પ્રમાણ નથી માનતા ! તો શું વાપીમાં ભક્તિનો ગર્હિત (અધમ,હલ્કો) ધંધો કરવા માટે જ પોતાના પિતા પિતામહ પ્રપિતામહ કે વૃદ્ધપ્રપિતામહના તથાકથિત વચન કે ''યહ સ્વરૂપ મહાપ્રભુજીકે નિધિ હૈ ઔર કાકાવલ્લભજી કે દો ગુપ્ત નિધિસ્વરૂપોમેંસે એક હૈ'' હવે પ્રમાણ રૂપે પ્રસ્તુત કરવામાં આવી રહ્યા છે? હવે થૂંકેલું ચાટવા જેવી વાત બીજા કોઈ કેવી રીતે માની શકશે? તેથી બેમાંથી એક વાત તો આ નાદાન ગુ.બા.ને છોડવી જ પડશે.

જ્યારે કે સંયુક્ત ઘોષણાપત્રમાં દેવદ્રવ્ય તનુવિત્તજા ગૃહસેવા વગેરે મુદ્દાઓ ઉપર પોતાના હસ્તાક્ષર કરવાવાળાને ચિ.મન્મથ બાવા ભ્રાન્ત અને ધૂર્ત માની રહ્યા છે, તો ઠાકોરજીના પણ મહાપ્રભુના નિધિ સ્વરૂપ હોવાના એમના વચન શું ભ્રાન્તિપૂર્ણ કે ધૂર્તતાપૂર્ણ સિદ્ધ નહીં થાય?

આથી લાગે છે કે આ બધું દુઃખ પેટ ભરાઈના ધંધામાં આડે આવતા સિદ્ધાંતોની સાથે સંતાકુકડી રમવાનું જ છે.

એક સંભાવના આ પણ વીચારી શકાય છે કે ચિ.મન્મથ બાવા પોતાના ઔરસ પિતા કે પિતામહ ને ભ્રાન્ત અને ધૂર્ત કહેવા નહીં માગતા હોય. પરંતુ દેવદ્રવ્ય ન ખાવા અને પોતાના જ ઘરમાં ભગવત્સેવા કરવાના ઉપદેશ પ્રસિદ્ધ કરવાના કારણે ધર્મપિતામહ ગોસ્વામી દીક્ષિતજી મહારાજને ભ્રાન્ત અને ધૂર્ત કહેવા માગે છે !

ત્યારે તો અતિશય અનર્થની પરાકાષ્ઠા થઈ ગઈ ! કેમ કે જ્યારે પોતાના પિતામહના રૂપમાં ચિ.મન્મથ બાવા ગોસ્વામી દીક્ષિતજી (મારા પિતૃચરણ)નું જ નામ આજકાલ પ્રસિદ્ધ કરાવી રહ્યા છે !

આવી સ્થિતિમાં ગોસ્વામી દીક્ષિતજીની સંપત્તિરૂપ 'બુલશિટ' ખાઈ જવા માટે જ આ નામ જોડાયેલું હોવું જોઈએ ! આમ તો મારા નાના ભાઈએ આમને ગોદ લીધા છે, એટલા માટે ચિ.મન્મથ બાવા પોતાના નામ સાથે મારા પિતૃચરણનું નામ પોતાના પિતામહના રૂપમાં લગાડે તેમાં મને કોઈ આપત્તિ નથી. પરંતુ મારા પિતૃચરણના સિદ્ધાન્તોદ્‌ગારને એ હૃદયથી 'બુલશિટ' માનતા હોય તો પોતાના જ મુખથી નીકળેલી 'બુલશિટ' બીજી વાર એમના જ મોઢામાં ઘુસી ગઈ કે નહીં ?

હું તો કહું છું હજુ સમય છે એ બુલશિટને પોતાની સમ્પત્તિલાલસા ઉપર કાબુ મેળવીને થૂંકી દો ! જો મારા પિતૃચરણના વિધાનને દિલથી પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતથી વિપરીત માનતા હો તો ! નહીંતર એ બુલશિટ જો પેટની અંદર ઉતરી ગઈ તો શરીરનો ભાગ બની જવાથી તો 'મન્મથરાય' નામને બદલે 'બુલશિંમથરાય' નામ જ ચરિતાર્થ થઈ જશે ? ખેર જ્યાં સુધી આ નાદાન બાળક એને થૂંકવાની સિદ્ધાંતનિષ્ઠા પ્રકટ નહીં કરે ત્યાં સુધી હું તો આમને 'બુલશિંમથરાય' જ માનતો રહીશ !

૬૦ના દાયકામાં ગોસ્વામિતિલકાયિત શ્રીગોવિંદલાલજી મહારાજની અપેક્ષાને અનુસાર અપરસ કાઢવાની ટેમ્પલ બોર્ડે બેરૂખી દેખાડી હતી. તેથી તેના માટે ગોસ્વામિ પરિષદ્‌ની તે બેઠકમાં બધા ગોસ્વામિઓએ શ્રીજીનો પ્રસાદ ન લેવાનો ઘોષણાપત્ર તૈયાર કર્યો હતો. કોઈ વૈષ્ણવે, પરંતુ, તે વાત માની જ નહીં. કેમ કે મોટાભાગની વૈષ્ણજનતા અપરસ છોવાઈ જવાના બહાનાને ગો.બા.ઓના અધિકારની લડાઈ માની રહી હતી. તે સભામાં ચિ. મન્મથ બાવાના ઔરસ પિતામહ માધવકાકાએ પણ ગોસ્વામિપરિષદની આ નિષેધાજ્ઞા ઉપર હસ્તાક્ષર કર્યા હતા. આ તો માત્ર આંખે જોયેલી જ વાત નથી પરંતુ તે મીટીંગના સમાચારોની કટિંગ્સ પણ ઉપલબ્ધ છે.

ખેર, હકીકતે અપરસ છોવાઈ ગઈ હોય કે નહીં પરંતુ, જેમ કે ચિ.મન્મથ બાવા એને મહાપ્રભુજીના સમયથી દેવદ્વાર માનવાના

કારણે દેવદ્રવ્ય ખાવાનો શાસ્ત્રોક્ત અપરાધ ત્યાં નથી માનતા, આમેય અપરસ પણ તો પુષ્ટિમાર્ગને બદલે શાસ્ત્રોક્ત મર્યાદાનો વિષય છે, તેના કારણે શ્રીજીની સામે ધરેલી સામગ્રીને અગ્રાહ્ય શા માટે માની લેવામાં આવી ?

આના સીવાય મારી પાસે એક નહીં ત્રણ-ચાર થર્મોમીટર એવા છે કે જેનાથી સો વર્ષથી જુના બાલકોના જ વચનને પ્રમાણ માનવાવાળા આ મૂઢ બાલકની વાસ્તવિકતા સિદ્ધાંતનિષ્ઠા અને સો વર્ષ પહેલાં થયેલાં પૂર્વાચાર્યોના વચનોને સ્વીકારવાની નિષ્ઠાના તાવના પારાને, માપવાથી, હમણાં જ પ્રગટ થઈ જશે. સુયાણી આગળ પેટ છુપાવી નહીં શકાય !

અમારા પિતામહ ગો.શ્રીગોકુલનાથજી મહારાજ પણ જેમની નિધિસ્વરૂપ વિષયક જાણકારીને પ્રામાણિક માનતા હતા એવા એમનાથી વયમાં ૪૧ વર્ષ મોટા મથુરાના શ્રીરમણલાલજી મહારાજ, જે વિ.સં.૧૯૦૪ માં જન્મ્યા હતા. તેઓએ શ્રીમુરલીધરજી, શ્રીમાધૌરાયજી, શ્રીલાલમણિજી તથા શ્રીરણછોડજી મહારાજના શ્રીમુખના વચનામૃતોના આધાર ઉપર 'પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ દર્પણ' પ્રકટ કર્યું છે. એટલે કે સો વર્ષથી ઉપરના છે. તેઓ સુસ્પષ્ટ શબ્દોમાં કહે છે —

> **"અબ ગાંવ ગોપાલપુરમેં શ્રીમદનમોહનજી મહાપ્રભુજી કે સેવ્ય સો જગતાનન્દકે શ્રીઠાકુરજી હૈ સોં શ્રીદ્વારકેશજી મહારાજ કે માથે બિરાજત હૈ. છોટે શ્રીમદનમોહનજી શ્રીગોકુલનાથજીકે સેવ્ય સો વે હુ શ્રીમદ્દુજીમહારાજકે માથે બિરાજત હૈ. સો અબ ગાંવ ગોપાલપુરમેં સ્વરૂપ દોય બિરાજત હૈ."**
>
> (પુ.સે.સ્વ.દ.પૃ. ૨૪-૨૫)

આ અહીં મુંબઈના શ્રીગોવર્ધનેશજી મહારાજના સમયમાં

પોતાના વચનામૃત પ્રકટ કરતા હોવાના કારણે શ્રીબાલકૃષ્ણલાલજી, શ્રીમદનમોહનજી, શ્રીનવનીતપ્રિયાજી અને શ્રીબડેમદનમોહનજીની બાબતમાં સ્પષ્ટ કહે છે **"સો યે ચારો સ્વરૂપ શ્રીગોવર્ધનેશજી મહારાજકે માથે બિરાજત હૈ"** (ત્યાંજ પૃ. ૨૮-૨૯) તેથી સિદ્ધ થઈ જાય છે કે આવા કોઈ માધવભટ્ટના સેવ્યસ્વરૂપની હવેલી ન તો ત્યારે જતિપુરામાં હતી અને ન તો ત્યાં આવું કોઈ નિધિસ્વરૂપ બિરાજતું હતું.

લેશમાત્ર પણ પોતાના બોલવા ઉપર અડગ રહેવાની મર્દાનગી હોય તો આ પ્રાકટયવાર્તાને સો વર્ષની અંદર જનમવાવાળા અપ્રમાણિક ભ્રાન્ત અને ધૂર્ત ગુસાંઈ બાલકોના વાફ્છલ, હવે ચિ. મન્મથ બાવાને નિશ્છલ વાણીમાં સ્વીકારી લેવું જોઈએ. ત્યારે જ એમની સિદ્ધાંતનિષ્ઠા અને સિદ્ધાંતબોધને માનવા લાયક પ્રમાણ સમસ્ત પુષ્ટિજગતને મળી શકશે.

આમ તો આ શ્રીરમણલાલજી મહારાજથી દોઢસો-બસો વર્ષ પહેલાનાં ગોસ્વામિ બાલકોના નિધિ સ્વરૂપની બાબતના વચનામૃતોની પણ હસ્તલિખિત પ્રતિઓ મારા સંગ્રહમાં ઉપલબ્ધ છે, આટલાથી કાંઈ સમજાતું હોય તો જ જવાબ આપવાનું સાહસ કરેં ! નહીંતર હજુ વધારે ફજેતિ આ મુદ્દા ઉપર ગામમાં પ્રગટ થઈ જશે !

આ બધા ધૂતક, આ બધી સિદ્ધાંતવૈપરીત્યની વકીલાત, ની અંદર ભરેલા રહસ્યના પડદાને ચીરવા માટે અત્યારે તો આટલું જ પર્યાપ્ત છે, તેથી સિદ્ધ થાય છે કે આ પક્ષ હવેલીના ધંધામાં રોકેલી પડાવેલી મૂડી કે નિધિથી મળનારા સંભાવિત ધનલાભમાં થનારી હાનીના ભયથી ચિ.મન્મથ બાવા કરી રહ્યા છે ! આ રીતે ચિરકુટવિધાનની પ્રાથમિક સમીક્ષામાં જ આ સુસ્પષ્ટતયા જોઈ શકાય છે કે વિધાનકર્તા ચિ.મન્મથ બાવાની લાભપૂજાપરાયણતાની ગર્હિત મનોવૃત્તિને વિવશ એમની સત્યનિષ્ઠા, સ્વસેવ્યસ્વરૂપનિષ્ઠા

વિધાન (૨)

MANMATHRAI Aug. 12

નાથદ્વારા તો શ્રીમહાપ્રભુજીના સમયથી જ દેવદ્વાર છે. વાર્તામાં પણ આ સ્પષ્ટ આવે છે કે ''શ્રીનાથદ્વારાકું દેવદ્વાર રાખે હૈં'' તો જે રીતે જગન્નાથ બદરીનાથ રામેશ્વર વગેરે દેવદ્વારા છે તે જ રીતે શ્રીનાથજી પુષ્ટિમાર્ગનું એક માત્ર દેવદ્વાર છે અને આપ વૈષ્ણવ મને વાર્તાસાહિત્યમાંથી એ બતાવો કે શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી અને બીજા આચાર્યો નહોતા લેતા તો આપનો દેવદ્રવ્યનો પક્ષ દ્રઢ થાય છે.

અથવા સ્વધર્મનિષ્ઠા કેટલી હલકી કક્ષાની છે. આવી વ્યક્તિ પુષ્ટિજીવ હોવી શંકાસ્પદ લાગે છે. કેમ કે મહાપ્રભુએ તો પહેલાંથી જ ખુલાસો કરી રાખ્યો છે કે **''ભગવત્કૃપાપરિજ્ઞાનં ચ માર્ગરુચ્યા નિશ્ચીયતે''** (ત.દી.નિ.પ્ર. ૨/૨૫૬). આ મૂઢ વ્યક્તિની રુચિ, જ્યારે કે ચિત્તને ભગવત્પ્રવણ બનાવવાના ઉપાયોના ઠેકાણે ધનલાભપ્રવણ બનાવવાવાળા જઘન્યાધિકારીઓની દલાલી કરવાની ચિરકુટવિધાનોમાં નગ્નનૃત્ય કરી રહી છે. આનાથી દરેક સાચા પુષ્ટિમાર્ગીઓને લજ્જિત થવું પડે છે !

હવે આના પછી બીજા ચિરકુટ વિધાનની સમીક્ષા માટે પ્રવૃત્ત થઈ શકાય છે.

શ્રીનાથજીની આગળ ભોગ ધરેલી સામગ્રી દેવદ્રવ્ય થાય છે કે નહીં આ મુદ્દો જેમ આ સ્વરૂપ દેવદ્વારમાં બિરાજમાન છે કે નહીં? આ પ્રશ્નનું સમાધાન શોધવાથી જ મળી શકે છે. એવી જ રીતે જ્યાં આ સ્વરૂપ સેવાર્થ બિરાજમાન છે, તે સ્થળ સ્વાર્થપ્રતિષ્ઠાપિત દેવવિગ્રહનું છે કે પરાર્થપ્રતિષ્ઠાપિત દેવવિગ્રહનું? સ્વાર્થપ્રતિષ્ઠાપિત હોય તો કોઈ પારિવારિક ગૃહ કે દેવાલયમાં સ્વાર્થ પ્રતિષ્ઠાપિત અથવા સમુદાયવિશેષના સામુદાયિક ગૃહ કે દેવાલયમાં સ્વાર્થ પ્રતિષ્ઠાપિત છે? આ પ્રશ્નોના વ્યાજબી ઉત્તર ન મળી શકે ત્યાં સુધી આ સ્વરૂપની સામે ભોગ ધરેલી સામગ્રી દેવદ્રવ્ય થાય છે કે નહીં આ સમસ્યાનું નિરાકરણ પણ શક્ય નથી. શાસ્ત્રાધ્યયન સારી રીતે ન કરી શકનાર ચિ.મન્મથ બાવા જેવો જ કોઈ ''*નાથદ્વારા તો શ્રીમહાપ્રભુજીના સમયથી જ દેવદ્વાર છે. વાર્તામાં પણ સ્પષ્ટ આવે છે કે 'નાથદ્વારાકું દેવદ્વાર રાખે હૈં' તો જે રીતે જગન્નાથ બદરીનાથ રામેશ્વર ઈત્યાદિ દેવદ્વારા છે*'' આવું વિવેકરહિત વિધાન કરી શકે છે, બીજા કોઈ નહીં. આ બેવકૂફોને એટલીય પણ અક્કલ નથી કે કોઈ વસ્તુના સ્વરૂપજ્ઞાપક લક્ષણ અને સ્વરૂપઘટક લક્ષણની વચ્ચે શું પ્રભેદ હોય છે? એટલા માટે શ્રીનાથજીના બિરાજવાના સ્થાન ઉપર શિખર-કલશ-ધ્વજાની દુહાઈ દેવામાં પોતાની બુદ્ધિને હિમાલયના શિખર ઉપર આરોહણની સફળતા સમજી બેસે છે. આજે તો કોઈ પણ ફેશનેબલ રેસ્ટોરાં કે હોટલ કે પૈસાદાર વ્યક્તિ પણ પોતાના રહેવાના સ્થાન ઉપર શિખર-કલશ-ધ્વજા બનાવી લે તો શું આ મૂઢજન ત્યાં ચાઈનીઝબર્ગર થાઈબર્ગર કે સિજલરનો પ્રસાદ લેવા પહોંચી જશે ! આધુનિક વિદ્યાલયોમાં આવી ફુડઆઈટમ ખાવાની રૂચિ પેદા કરનાર શિક્ષણના કારણે શાસ્ત્રાધ્યયનમાં એમને સૂગ થાય છે અને નવા-નવા શોખોને ફાઈવસ્ટાર હોટલોમાં પૂરા કરવાનો ખર્ચ કાઢવા માટે ફરી પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં વેંચાતા પ્રસાદ અને પુષ્ટિસૌભાગ્યની દલાલી પણ કરવી પડે છે ! દુવિધામેં દોનોં ગયે માયા મિલી ન રામ, ન ઈધરકે રહે ન ઉધરકે રહે !

ઐતિહાસિક તથ્ય તો એ છે કે શ્રીગોવર્ધનનાથજીનું સ્વરૂપ તો ઘણા જ પ્રાચીન કાળથી પંચરાત્રતન્ત્રોક્ત દેવપ્રતિષ્ઠાની વિધિથી ચતુર્વર્ણાધિકાર ભક્તોને માટે પરાર્થપ્રતિષ્ઠાપિત દેવાલય (દ્રષ્ટ: વિશોધ. ૨/૪૮) હતું જ. એથી જ વાર્તામાં પણ આવે છે કે માધ્વસંપ્રદાયી શ્રીમાધવેન્દ્રયતિ ત્યાં મહાપ્રભુના પધારવા પહેલાં ઉપાસના કરતા હતા. મહાપ્રભુએ તો પુનઃ પ્રતિષ્ઠાર્થ પુષ્ટિમાર્ગીય ભાવનાને અનુસાર નંદાલયનો નકશો બનાવવા ઈચ્છ્યું પરંતુ

નકશામાં શિખર- કલશ- દ્વજાનું ફરી ફરીને આવી જવું, શ્રીનાથજીની પરાર્થપ્રતિષ્ઠાપિત દેવાલયમાં બિરાજવાની ઈચ્છાનું જ્ઞાપકલક્ષણ માનવામાં આવ્યું. સ્વયં શ્રીનાથજીને પુછતી વખતે જગતમાં પોતાની પૂજા વધારવાની ઈચ્છા પ્રકટ જણાવી. તેથી આપણા પુષ્ટિભક્તિમાર્ગીય સિદ્ધાંતના અનુસાર કોઈ પુષ્ટિમાર્ગીયના ઘરમાં પધરાવવાનો આગ્રહ છોડીને દેવાલયના સ્વરૂપઘટક લક્ષણરૂપ પરાર્થ-પ્રતિષ્ઠાવાળા મર્યાદામાર્ગીય દેવાલયમાં પધરાવ્યા. આ બેવકૂફોને આટલી નાની એવી વાત પણ સમજાતી નથી કે **"દત્તાપહારવચનં... ભિન્નમાર્ગ પરં મતં"** વચન જો પુષ્ટિમાર્ગીય ગૃહસેવાના પ્રકારમાં લાગુ નથી થતું એવી જ રીતે અપુષ્ટિમાર્ગીય પરાર્થદેવાલયના સેવાપ્રકાર પણ લાગુ નહીં થાય તો લાગુ થશે ક્યાં? તો હવે ખુલાશો કરો કે આ ભિન્નમાર્ગ ક્યો? ચિ.મન્મથ બાવા ખૂદ કબૂલ કરી રહ્યા છે કે *"જે રીતે જગન્નાથ બદરીનાથ રામેશ્વર ઈત્યાદિ દેવદ્વારા છે તે જ રીતે શ્રીનાથજી પુષ્ટિમાર્ગનું એકમાત્ર દેવદ્વાર છે."* આ સ્થિતિમાં જગન્નાથજીનો પ્રસાદ તો બધા ગોસ્વામી લ્યે જ છે, મોટા ભાગે પ્રસાદ લેવાનો પણ ધંધો સારો ચાલતો હોવાથી એના ભાવ નક્કી કરીને વૈષ્ણવોને બસ ભરી-ભરીને ત્યાં કેટલાય ગોસ્વામિમહાનુભાવ લઈ જાય છે ! તેથી ત્યાં પણ ભિન્નમાર્ગ તો પરંપરામાં દેખાતો નથી ! તો પછી ક્યા ભિન્નમાર્ગની ચર્ચા થઈ રહી છે?

તેથી સિદ્ધ થાય છે કે તેવા દેવાલયમાં શ્રીનાથજી બિરાજતા હોય તો તે પુષ્ટિમાર્ગીય નહીં રહી જાય. તેના ઉપર અક્કલની કરામત જોવા જેવી છે કે રામેશ્વર પણ ગણાવી દીધું છે ! તે તો શ્રીરામચંદ્રજી દ્વારા પ્રતિષ્ઠાપિત શિવમંદિર છે. ત્યારે તો પુષ્ટિમાર્ગ તો દૂર પણ શ્રીનાથજીના દેવાલયને વૈષ્ણવ સંપ્રદાયનું પણ માનવું મુશ્કેલ થઈ જશે ! વાહ રે વાહ ! પોતે-પોતાને સો વર્ષની અંદર જનમવાવાળા ગોસ્વામિઓથી શ્રેષ્ઠ શાસ્ત્રજ્ઞ માનવાવાળાની ! પરાર્થપ્રતિષ્ઠાપિત દેવાલયોમાં ભગવદારાધનાર્થ પ્રદત્ત દ્રવ્ય કે સામગ્રી

દેવદ્રવ્ય ન હોઈને દેવારાધક અર્ચક અને તે અર્ચક દ્વારા આરાધના કરાવનાર દેવદર્શનાર્થ સમાગત ભક્તજનોને માટે હોય છે. માત્ર દેવવિગ્રહાર્થ પ્રદત્ત દ્રવ્ય કે સામગ્રી 'દેવસ્વ' કે 'દેવદ્રવ્ય' કહેવાય છે. તેનો પોતાના ઉપભોગ માટે અપહરણ કરવાવાળો 'દેવદ્રવ્યાપહારી' દેવલક બની જાય છે. તેવો જ પોતાના અંગત આરાધ્યના કે આરાધના માટે પરિવાર સીવાયનાનું દ્રવ્ય વાપરીને પ્રસાદરૂપે પોતે ઉપભોગ કરવાવાળો દેવદ્રવ્યોપભોગી દેવલક બને છે. આ બધું સ્પષ્ટીકરણ મેં વિશોધનિકામાં કર્યું જ છે. કાં તો તેને વાંચવામાં નથી આવ્યું કાં મંદબુદ્ધિ હોવાના કારણે વાત સમજી નહીં શક્યા હોય. અથવા જે વૈષ્ણવ જનતા એને વાંચી ન શકી હોય તેને તો કમસે કમ છેતરવા મળશે જ. આવા કાંઈક હેતુઓથી નિરસ્ત વાતોને પણ ઉખેડતા રહેવાની તુચ્છ માનસિકતા પ્રગટ કરી "વિમર્શકારને ગો. શ્યા. મ. કી પ્રસ્થાપનાઓંકા ખંડન લીખ દીયા હૈ" કહીને છેતરે છે. અથવા પુ.સિ.સં.શિ.ના પ્રતિપાદનથી અમે સહમત છીએ કહીને છેતરે છે. આ કેવી છલના છે? આ કેવું કપટનાટક ખેલાઈ રહ્યું છે ?

જ્યારે વિશોધનિકાનો જવાબ આ નપુંસકો પાસેથી માંગવામાં આવે છે, ત્યારે વાતને પાછી ટલ્લે ચડાવી દે છે કે ગો.શ્યા.મ. તો ઉંમરથી મોટા છે. અમે એમના વિરોધમાં બોલવાનો અવિવેક ન કરી શકીએ. માત્ર પૂર્વાચાર્યોના વચનોના અભિપ્રાય બતાવી શકીએ. અરે મૂર્ખાઓ ! તમારા વ્યક્તિગત અભિપ્રાયની કીંમત શું છે ? મહાપ્રભુના સિદ્ધાંત શું છે તે બોલીને બતાવો ને ! આવું કહેવામાં આવે તો કહે છે કે મહાપ્રભુના વચનોનો જે અર્થ વિમર્શકારે અથવા પુ.સિ.સં.શિ.એ કર્યો તે અમને માન્ય છે. પરંતુ એમના અર્થઘટનના તો અક્ષરે અક્ષરનું વિશોધનિકામાં પ્રત્યાખ્યાન કરી જ દીધું છે. ત્યારે કહે છે કે તેની સાથે અમે વ્યક્તિગત રૂપમાં સહમત નથી. પરંતુ વ્યક્તિગત તમારી સહમતિ કે અસહમતિની કીંમત શું છે? સાચી ધર્મનિષ્ઠા કે સાચુ શાસ્ત્રાધ્યયન હોય તો

વિશોધનિકામાં ઉઠાવેલા મુદ્દાઓનો જવાબ આપો. તેના જવાબ જો ઓછી બુદ્ધિ હોવાને લીધે મળતા ન હોય તો મહાપ્રભુને સિદ્ધાંતતયા શું અભિમત હતું તે તમારી વ્યક્તિગત સમજણના આધાર ઉપર કેવી રીતે દાવો કરી શકો છો? મારો મતલબ છે કોઈ અમુક ધારણાને ઉચિત કે અનુચિત તો વ્યક્તિગત માન્યતાઓના આધારે માની શકે છે. પોતાની જ ધારણાનો, પરંતુ, સાચી હોવાનો દાવો તો નિરાકરણના જવાબ આપ્યા વિના કરી નથી શકાતો. આવો દાવો કયા આધાર ઉપર કરવાનું દુઃસાહસ કોઈ કરી શકે છે? જે સ્થાપનાઓના નિરસન વિશોધનિકાઓના ત્રણ ભાગોમાં થઈ ચુક્યું છે તેનો જવાબ દેવાની હિંમત ન હોય તો પછી છાનામાના કેમ નથી બેસતા?

ખૈર, ઐતિહાસિક તથ્ય આ છે કે સદુ પાંડે વગેરે કોઈ પુષ્ટિમાર્ગીયના તૈયાર ન થવાથી રાધાકૃષ્ણ કુંડ ઉપર રહેવાવાળા દેવીભકત બંગાળીઓને સેવા સોંપવામાં આવી. આમાં બ્રહ્મસંબંધદીક્ષા અનિવાર્ય નહોતી માનવામાં આવી, આ સ્વયં એ તથ્યનું પ્રમાણ છે કે એ દેવાલય પુષ્ટિમાર્ગીય ન હતું. અન્યથા શ્રીનાથજી સહિત બીજી પણ પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં બ્રહ્મસંબંધ લીધા વગર પણ સેવાધિકાર માન્ય કરવાથી કિરીટભાઈના સેવકોના અધિકારને પણ નકારી નહીં શકાય. બધા શ્રીનાથજીની સેવા કરી શકે છે, એવી છૂટ આપવી પડશે, જો જગન્નાથ બદરીનાથ કે રામેશ્વરના જેવું દેવાલય આને માનતા હો તો. કેમ કે ત્યાં તો કોઈએ બ્રહ્મસંબંધ લીધું કે નહીં પૂછવામાં નથી આવતું.

જો પ્રભુચરણોએ પછીથી તેને અનિવાર્ય બનાવ્યું એટલા માટે આ નિયમને આવશ્યક માનવો હોય તો અક્ષયતૃતીયાનો પાટોત્સવ બંધ કરીને પ્રભુચરણના ઘરે 'સતઘરા'માં બિરાજ્યા તે જ પાટોત્સવ આજે પણ મનાવવામાં આવતો હોવાથી મહાપ્રભુ દ્વારા પ્રસ્થાપિત દેવાલયના સ્વરૂપને નિરસ્ત માનવું પડશે.

જો કહેવામાં આવે કે પધરાવવામાં આવેલા ફરી એ જ મંદીરમાંથી ફરી તે દેવાલય જ સ્થાપિત રહ્યું તો ઈંટ-ચૂના-પત્થરની નિર્મિત્તતાને દેવાલય માનવું પડશે. ત્યારે તો તે જ વાત 'ગૃહ' પદના અર્થ ઉપર પણ લાગુ પડશે. 'ગૃહ'પદનો અર્થ ગૃહસ્થી નહીં કરી શકાય. આના સિવાય પાટણના રૂદ્રમહાલના જેવા અનેક મંદિર, જેનો મુસ્લિમ સમુદાય મસ્જીદના રૂપમાં હવે ઉપયોગ કરી રહ્યો છે, તે મસ્જીદોને કે પછી શિખર-કલશ-ધ્વજાવાળી આધુનિક હોટલોને પણ મંદિર માનવા પડશે.

દેવાલયનું સ્થાપત્ય તેનું સ્વરૂપજ્ઞાપક લક્ષણ હોય છે. સ્વરૂપઘટક નહીં. પરાર્થદેવાલયનું સ્વરૂપઘટક લક્ષણ તો પ્રતિષ્ઠાપક પુરૂષના ભગવદ્‌વિગ્રહને પરાર્થ- પ્રતિષ્ઠાપિત કરવાના સંકલ્પ, તદનુરૂપ પ્રતિષ્ઠાકર્મ, તદનુરૂપ વિહિતરીતિઓનું અનુષ્ઠાન, નિષિદ્ધરીતિઓનું વિવર્જન તથા કોઈ એક વંશ કે વ્યક્તિનું તે દેવાલયસ્થ ભગવદવિગ્રહ ઉપર સ્વત્વ ન હોવું માનવામાં આવેલ છે. આ બાબતમાં બધા પ્રમાણ વિશોધનિકામાં સંકલિત છે. તેથી આ જ પ્રભેદને લક્ષ્યમાં રાખીને મહાપ્રભુએ પ્રારંભમાં સ્વરૂપજ્ઞાપક લક્ષણના સંદર્ભમાં-

> **"હમારે ઠાકુરકો મન્દિર શિખરબંદ-ધુજા-કલશકો નાંહી નંદરાયજીકે ઘરકી નાંઈ કરો... નકસા તૈયાર ભયો તબ ઉહી સિખરબંધ-ધુજા-કલશ-ચક્ર હ્વૈ ગયો. તબ શ્રી આચાર્યજી જાને જો શ્રીઠાકુરજીકી ઈચ્છા યહ હૈ જો જગતમેં પૂજાય બહોત (ઉભયવિધ-પુષ્ટિસૃષ્ટિ ઔર મર્યાદાસૃષ્ટિ કે) જીવનકો ઉદ્ધાર કરેંગે. સો દેવાલયકી (મર્યાદામાર્ગીય) રિતી યહાં (શ્રીનાથજી કે સેવાસ્થલ પર) રાખની ઉચિત હૈ (અર્થાત અન્યત્ર નહીં)."**
>
> (૮૪ વૈ.વા. ૨૪/૧)

હવે જો આ દેવાલયના પ્રકારને પુષ્ટિમાર્ગીય આપણે માનીએ છીએ તો આ પ્રકારના નિર્વાહાર્થ અનિવાર્ય અધિકારીના ઉદ્ધાર થવાના બદલે બગાડ થવાની વાત શા માટે કહેવામાં આવી? બોલો ! જો પુષ્ટિમાર્ગીય ભજનપ્રકારના અધિકારીનો બગાડ થવો તેની અચલનિયતિ હોય તો આવા ભજનપ્રકારને શ્રેષ્ઠ કેવી રીતે માની શકાય? વાર્તામાં તો સુસ્પષ્ટ શબ્દોમાં-

> **"પાછેં શ્રીગુસાંઈજી આપુ શ્રીગોવર્ધનરસોં**
> **પૂછે જો 'મહારાજ ! કૃષ્ણદાસકી દેહ છૂટી ઔર**
> **અધિકારી બિના ચલેગો નાંહી, સો હમ કૌનકો**
> **અધિકાર દેકે બિગાર કરેં?'... તબ**
> **શ્રીગોવર્ધનનાથજી કહે જો હમહુ કૌન જીવકો બિગાર**
> **કરેં? કોઈ અધિકાર લેયગો તાકો બિગાર હોયગો...**
> **સો જાકો ગિરનો હોયગો સો આપુહી આવેગો."**
> (૮૪ વૈ.વા. ૮૪/૧૦)

આપણે જોઈ શકીએ છીએ કે ઘણા બધા જીવના ઉદ્ધારાર્થ ખોલવામાં આવેલા દેવાલયના તો અધિકારીનો બગાડ ન થવાનુ પણ ઉત્તરદાયિત્વ ન તો પ્રભુચરણ અને ન ગોવર્ધનનાથજી સ્વયં સ્વીકારવા તૈયાર છે ! પરંતુ જે જઘન્ય અધિકારીનો સૃષ્ટિની રચનાના સમયથી જ પ્રભુએ બગાડ પૂર્વનિર્ધારિત કરી રાખ્યો હોય તે જ આવા દેવાલયોના અધિકારી કે પક્ષપાતી થાય છે ! આ વિશેષ આજ્ઞા કરી દીધી છે.

સ્વયં પ્રભુની આજ્ઞાને વશ કરવામાં આવેલા શાસ્ત્રનિષિદ્ધ ગુરૂવધ જેવું કર્મ જે અર્જુન જેવાને આજ્ઞા આપવામાં આવેલી હોય તેના માટે જ કર્તવ્ય હોય છે. આ ન સ્વીકારવાથી તો દરેક ઠગાયેલા - લુંટાયેલા - શોષિત વૈષ્ણવને ગુસાંઈ બાલકના વધમાં પાપ નહીં લાગે. નિષિદ્ધકર્માનુષ્ઠાનની એકને આપવામાં આવેલી આજ્ઞા બધાના માટે જો હોત તો સદ્યપ્રસૂતાને સેવાની આજ્ઞા પણ સ્વયં પ્રભુએ

આપી એના આધારે જનનાશૌચમાં ભગવત્સેવાની અનુમતિ પણ સ્વીકારવી પડશે !

નાગજી ભટ્ટની વાર્તામાં આ પણ આવે છે કે તેમણે તો સુસ્પષ્ટ શબ્દોમાં પ્રભુચરણોંને દેવાલયસ્થ શ્રીગોવર્ધનનાથજીને વિષે લખી મોકલ્યુ કે **"સરસિ કુશેશયમપિ આસ્વાદયિતુમ્ આગચ્છતો અલિનો માર્ગે યદિ કનકમલપાને નાસીત્ તોષઃ કિમ્ અન્યેન!"** (૨૫૨ વૈ.વા.ભા.પ્ર. ૧). તો આવી મુખરતાના કારણે તેમને ચિ.બુલશિંમથ બાવાની જેમ પરંપરામાં કોઈએ ન તો 'બુલશિટ', ન પાપી, ન બહિર્મુખ ન ભ્રાન્ત; કે ધૂર્ત કહ્યા ! એથી એટલું તો સ્પષ્ટ થઈ જ જાય છે કે તે પ્રકાર પુષ્ટિજીવોને ઉપદેશ્ય સાધનાપ્રણાલીનો ન હોઈને મર્યાદામાર્ગીય પ્રણાલીનો સ્વયં શ્રીગોવર્ધનનાથજીની ઈચ્છાને અનુસાર પ્રવૃત્ત થયેલો પ્રકાર હતો. તેથી તેવો જ પ્રકાર અત્યારે પણ માનવા કે મનાવવા કોઈ માગતો હોય તો તેને પુષ્ટિજીવોને માટે અનભિપ્રેત મર્યાદામાર્ગીય પ્રકાર જ માનવો પડશે.

અથવા ફાગણવદ સાતમના પાટોત્સવને અનુરૂપ શ્રીનાથજીનો સેવારીતિનો ગૃહીય સેવા કે પુષ્ટિમાર્ગીય પ્રકાર માનવો હોય તો મહાપ્રભૂપદિષ્ટ દેવદ્રવ્યની નિષિદ્ધતા શ્રીનાથજીના પ્રસાદ ઉપર પણ લાગૂ થશે જ.

આ ચર્ચામાં અપસિદ્ધાંતવાદીઓની ગાલીગલોચથી અધીર થઈને કેટલાક સિદ્ધાંતવાદીઓએ સોનાની કટોરીનો પ્રસંગ શ્રીનાથજીની સાથે જોડવાની ધાંધલ કરી દીધી. આમ તો તે અડેલમાં ઘટિત થયેલો કહેવામાં આવતું હોવાથી નિજગૃહીય પુષ્ટિમાર્ગીય સેવા પ્રકારથી જોડાયેલ ઘરૂવાર્તાનો ત્રીજો પ્રસંગ છે.

તેથી આ વિચારણીય બની જાય છે કે -----

૧. શ્રીનાથજીનું મંદિર જો ગો. શ્રી તિ.મ.ના નિજી પારિવારિક ઘરમાં અનુષ્ઠેય સેવાનું સ્થળ હોય

તો ત્યાં પરિવાર સીવાયના માણસો દ્વારા દેવાર્થ/દેવસેવાર્થ પ્રદત્ત દ્રવ્ય/સામગ્રીમાં દેવદ્રવ્યતા આવશે જ. તેથી પ્રભુચરણોકત **"દાને હિ ન સ્વવિનિયોગઃ"** (ન.ર.પ્ર. ૧) નિષેધનું પાલન ગલેપતિત થશે જ. તેથી મહાપ્રભૂકત **"દેવદ્રવ્ય ખાયગો સો પતિત વ્હે જાયેગો મેરો નાંહિ કહાવેગો"** (ઘરૂવાર્તા પ્ર. ૩) વિધાનના અનુસાર દેવદ્રવ્યથી બચવાના નિયમ પણ અપરિહાર્ય થશે.

૨. જો પ્રભુચરણના સાત આત્મજોના વંશજોના સંયુકત પરિવારના ગૃહમંદિરમાં શ્રીનાથજીને બિરાજેલ માનીએ તો ગોસ્વામિકુલેતર કોઈ પણ વ્યક્તિની સેવ્યાર્થ કે સેવાર્થ ભેટ સામગ્રી સ્વીકારવાથી દેવદ્રવ્ય થશે જ. ત્યારે તો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની ભેટ-સામગ્રી પણ સ્વીકારી નહીં શકાય. ઐતિહાસિક દ્રષ્ટિથી તો ખરેખર આજ વિચારવામાં અને માનવામાં આવેલ હતું. જયેષ્ઠ સંતતીક્રમમાં શ્રીગિરિધરજીના આત્મજ દામોદરજીના વંશજોને સંયુક્ત પરિવારના કર્તા હોવાની હૈસિયતમાં વરસના ત્રણસો સાઠ દીવસોમાં માત્ર સાઠ દીવસ સેવાધિકારના આપેલા હતા. બાકી બધા ગોસ્વામિપરિવારોના હતા, ટિકેતની સાથે થયેલા સમાધાન અંતર્ગત. હવે શ્રીનાથજી ઉપર પોતાના પારિવારિક સ્વત્વના મિથ્યા દાવાને કારણે ગોસ્વામિતિલકાયિત હોવાના મિથ્યાપ્રચારમાં તકલીફ થવા સીવાય આ કલ્પમાં કોઈ મુશ્કેલી નથી. આમ તો આજે તો સરકારી ન્યાયાલયે ગો.તિ.મ.નું એકાકી સ્વત્વ નિરસ્ત કરીને શ્રીનાથજીના મંદિરને પુષ્ટિમાર્ગીઓનું બધા હિન્દુઓને માટે પ્રતિષ્ઠાપિત મંદીર માનેલ છે. તદનુસાર ગોસ્વામિ તિલકાયિત હવે વલ્લભસંપ્રદાય કે બધા વલ્લભવંશજોના પ્રમુખ ન રહીને માત્ર શ્રીનાથદ્વારા મંદિરના મુખ્ય શેબાઈટ કાનૂનના અનુસાર રહી ગયા છે. મારી પોતાની આસ્થા છે કે હું તો અત્યારે પણ એમને વલ્લભસંપ્રદાય અને સમસ્ત વલ્લભસંપ્રદાયમાં ગુરૂરૂપ વલ્લભવંશજ ગોસ્વામિઓના ટિકેત જ સ્વીકારવા ઉચિત માનું છું. આજની ખામી કાલે સુધરી જતી હોય આ પ્રમુખપદનું ખતમ થઈ જવું સારી વાત નહીં થાય. પ્રમુખપદ ઉપર આસીન (બિરાજેલા) સ્વયં માર્ગને ખતમ કરવા માગતા હોય તો તે પદ બચે કે જાય એમાં કાંઈ ફરક પણ નથી પડતો.

૩. કેમ કે ખોટા સલાહકારોની સર્વનાશી સલાહના કારણે સ્વયં નિ.લી.ગો.તિ. ગોવિન્દલાલજીએ સ્વયં પોતાના તરફથી પોતાની મરજીથી ન કેવલ શ્રીનાથજીનું સ્વરૂપ પરંતુ શ્રીનવનીતપ્રિયાજીનું સ્વરૂપ પણ સરકારને સોંપી દીધું હતું. (દ્રષ્ટઃ મુખપૃષ્ઠ આ.ન્યા.પ્ર.પુ.સા.પ્ર.) તે મને લાગે છે પુષ્ટિમાર્ગના પ્રધાન પીઠાધીશે પોતાના પ્રધાન હોવાની હૈસિયતમાં આત્મઘાતી પગલું ભર્યું હતું. તે હિમાલયન બ્લન્ડરનો દંડ આ બંને સેવ્યસ્વરૂપોને અથવા ગો.તિ.ના અપારિવારિક બાકીના વલ્લભવંશજ ગોસ્વામિઓને અથવા પુષ્ટિમાર્ગીય જનતાને પણ દેવો ઉચિત નથી. એટલે કે સમસ્ત પુષ્ટિ સૃષ્ટિનું સંયુકત દેવદ્વાર પણ એને

માની શકાય છે. અને ત્યારે આના સીવાય આજે જે પ્રકારની પુષ્ટિમાર્ગીય/અપુષ્ટિમાર્ગીયનો વિવેક રાખ્યા વગર બધાની ભેટ-સામગ્રી સ્વીકારાઈ રહી છે, તે ચોક્કસ રૂપે દેવદ્રવ્ય થાય જ છે.

૪. મહાપ્રભુના સમયથી દેવદ્વારના રૂપમાં બધા હિન્દુઓનું મંદિર આને માનવું હોય તો કમ સે કમ એમાં પણ કોઈ અહિન્દુના પ્રવેશ અને એમના દ્વારા પ્રદત્ત ભેટ-સામગ્રીને ઉઘરાવવા ઉપર સંયમ રાખીને, એને દેવદ્રવ્યના ઉપભોગના અપરાધથી તો બચી શકાય છે.

પ. હવે કેમ કે પ્રભુચરણના કાળમાં પણ રસખાન અલિખાન જેવા મુસલ્માનોને પુષ્ટિમાર્ગમાં દીક્ષિત કરવામાં આવેલા હતા. એની ખોટી દૂહાઈ દઈને સર્વધર્મનિરપેક્ષ મનુષ્યમાત્રના ઉદ્ધારક દેવદ્વાર આને માનવું હોય તો બુલશિંમથરાયની જેમ રસૂલખાન કે રોબર્ટસનની ભેટ-સામગ્રી સ્વીકારવાથી દેવદ્રવ્ય તો નહીં થાય પરન્તુ ત્યારે આ મંદિર ન તો પુષ્ટિમાર્ગીઓને માટે (for the Pustimargis) ન પુષ્ટિમાર્ગીય નિવેદિતાત્માઓની ભેટ-સામગ્રીના વિનિયોગ દ્વારા (by the Pustimargis) ચાલતુ હોવાના કારણે પુષ્ટિમાર્ગીઓનું (of the Pustimargis) પણ રહી નહીં જાય ! મહાપ્રભુ અને પ્રભુચરણને પુષ્ટિમાર્ગના પ્રવર્તક આચાર્ય માનવાવાળા આવી નિષ્ઠુર વાસ્તવિકતાને પણ કેવી રીતે સ્વીકારી શકશે એ જ સમજાતું નથી ! દેવદ્રવ્યના નિષેધના બંધનથી છટકવા માટે શું આપણે શ્રીનાથદ્વારાસ્થિત પિતાપુત્રના પ્રાણાદપિ-

મગર અગર શ્રીમહાપ્રભુજી અને એમના વૈષ્ણવ પૂર્વકાલથી જ શ્રીજીનો પ્રસાદ એ જાણતા હોવા છતાં કે આ દેવદ્રવ્ય છે અગર લેતા આવ્યા છે તો એ સ્પષ્ટ થઈ ગયું કે "ન ગ્રાહ્યમ ઈતિ વાક્યં હિ ભિન્નમાર્ગપરં મતં સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ."

> પ્રિય નિધિસ્વરૂપોના મંદિરોને ટ્રેન કે પ્લેન અથવા હોટલ વગેરે સામાજિક સુવિધાના પ્રતિષ્ઠાનોની જેમ સર્વજનસાધારણ સામાજિક ભજનસુવિધાના પ્રયોજનવાળું સ્થળ માની લેવું નિજાચાર્યચરણોની સાથે શું વિશ્વાસઘાત નહીં થાય? આવા વિશ્વાસઘાતી લોકો આજની રીતિથી ઘરવામાં આવતી સામગ્રીને દેવદ્રવ્ય ન માનતા હોય તો તે તો એની આડમાં કાંઈક બીજા જ પોતાના ઉલ્લુ પટાવવાના ઉદ્દેશ્યને ઉજાગર કરી રહ્યા છે.

ચિ.મન્મથ બાવાની અક્કલની કરામત અહીં જોવા લાયક પ્રકટ થઈ છે ! તેઓ કહે છે "*શ્રીમહાપ્રભુજી અને એમના વૈષ્ણવો પૂર્વકાલથી જ શ્રીજીનો પ્રસાદ એ જાણતા હોવા છતાં કે આ દેવદ્રવ્ય છે જો લેતા આવ્યા છે તો એ સ્પષ્ટ થઈ ગયું કે 'નગ્રાહ્યમ્ ઈતિ વાક્યં હિ ભિન્નમાર્ગપરં મતં સેવકાનાં યથાલોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ'* આ જડબુદ્ધિને કોઈ સમજાવે તો કેવી રીતે સમજાવે કે જ્યારે મહાપ્રભુજી કે ગુસાંઈજી પ્રસાદ લેતા હતા કે વૈષ્ણવોને પણ લેવડાવતા હતા ત્યારે દેવદ્રવ્ય હતુ નહીં, કારણ કે મર્યાદામાર્ગીય રીતિના અનુસાર જેમ કે સ્પષ્ટીકરણ કરી ગયા પરાર્થપ્રતિષ્ઠાપિત દેવાલયમાં દેવારાધનાર્થ લેવામાં આવતું પરધન દેવદ્રવ્ય નથી થતું. જેમ આજે પણ તિરૂપતિ જગન્નાથ વગેરે મંદિરોમાં નથી થતું. ત્યાં તો દેવારાધનાને બદલે દેવવિગ્રહાર્થ જો ભેટ-સામગ્રી લેવામાં આવે તો ત્યારે દેવદ્રવ્ય બને છે. ગૃહારાધનામાં, જ્યારે કે દેવવિગ્રહાર્થ સ્વદત્ત/પરદત્ત બંને જ દેવદ્રવ્ય બનતુ હોવા છતાં પણ દેવારાધનાથ

એક વખત પ્રભુને નિવેદિત વસ્તુ સેવાપયોગી હોવાથી ગ્રાહ્ય બની જાય છે. આ માર્ગીય સિદ્ધાંત છે. શ્રીજીના સીવાય જો કોઈ હવેલીમાં પ્રસાદની રાશિ (મૂલ્ય)ને બદલે રસીદ= રીસિપ્ટ ઉપર જો નામ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી કે પછી કોઈ ગોસ્વામી બાલક કે પૂર્વાચાર્યનું હોય તો પણ તે રાશિ (મૂલ્ય) ગુરૂભેટ સિદ્ધ થાય છે અને તે પણ દેવદ્રવ્ય માનવામાં નહીં આવે.

દેવારાધક પરિવારની ભેટ-સામગ્રી દેવદ્રવ્ય નથી બનતી. પરંતુ અપારિવારિક લોકોથી દેવારાધનાર્થ જો ભેટ-સામગ્રી લેવામાં આવે તો તે દેવદ્રવ્ય બને જ છે. આના બધા જ પ્રમાણ વિશોધનિકામાં સંકલિત કર્યા છે. પરંતુ કોઈ મૂઢઃ પરપ્રત્યયનેયબુદ્ધિઃ, હોવાના કારણે સમજી ન શકતો હોય તો તેંમાં મહાપ્રભુ કે પ્રભુચરણ અથવા એમના સેવકોનો શું દોષ? તેના ઉપર આ બકવાદ તો સાંભળો કે આ જડબુદ્ધિ કહે છે કે ''દેવદ્રવ્ય જાણતા હોવા છતાં પણ લેતા હતા એટલા માટે શ્રીનાથદ્વારાનો પ્રસાદ દેવદ્રવ્ય નથી થતો.'' ધિક્કાર છે આવી મતિમંદતાને ! ત્યારે તો કાલે એમ પણ કહી શકાશે કે ''પુષ્ટિમાર્ગમાં દેવદ્રવ્યનો ઉપભોગ કરવામાં કોઈ પણ જાતનો અપરાધ થતો જ નથી'' પછી મહાપ્રભુના નિષેધવચનનું શું થશે? ''ભિન્નમાર્ગપરં મતં'' વચનની મર્યાદામાં છુપાવુ પણ સંભવ નથી કેમ કે ''પતિત હવે જાયેગો મેરો નાંહિ કહાવેગો'' વચનમાં પુષ્ટિમાર્ગને અભિપ્રેત નહીં માનવાથી તો મર્યાદામાર્ગને મહાપ્રભુજીનો માર્ગ અને પુષ્ટિમાર્ગને અવાહ્લભ માનવો પડશે. આવું વિધાન કોઈ અનાજ ખાવાવાળો માણસ કેવી રીતે કરી શકે? આ તો પોતાની તૃણભક્ષિતાને ઉજાગર કરવા જેવી વાત બની જાય છે.

ચિ.મન્મથ બાવા બકે છે ''*એક વખત પ્રભુને નિવેદિત વસ્તુ સેવામાં ઉપયોગી થવાથી ગ્રાહ્ય બની જાય છે. આ માર્ગીય સિદ્ધાંત છે*'' વાહ રે વાહ ! માર્ગીય સિદ્ધાંતના વિશેષજ્ઞ ! એ તો બતાવો

કે તો સોનાની કટોરી ગિરવે મુકીને જે સામગ્રી શ્રીનવનીતપ્રિયાજીને ભોગ ધરી તે સેવામાં ઉપયોગી થઈ ગઈ હતી કે નહીં? એને મહાપ્રભુએ અગ્રાહ્ય શા માટે કહી? સંતદાસે તો બીજા કોઈની નહીં સ્વયં પોતાની જ સંપત્તિ પોતાના જ સેવ્યસ્વરૂપને ભેટ ધરી હતી, એનો પ્રસાદ પણ લેતા નહોતા ! લાગે છે કે આ જડબુદ્ધિએ તે વાર્તા વાંચી જ નહીં હોય. નહીંતર તો આવા અનર્ગલ વિધાનનું સાહસ ન કરી શકે ! કેમ સંતદાસે ભિન્નમાર્ગ પર માનીને એનો પ્રસાદ ન લઈ લીધો? પ્રસાદ વેંચીને ગુરૂભેટની રસીદ હોવાની બેવકૂફી ભરેલી વાતની જેમ તો કાલે કોઈ આમ પણ કહી શકે છે કે દારૂની બાટલી કે એ.કે. ૪૭ બંધુક કોઈને વેંચીને રસીદ ઉપર મહાપ્રભુ પ્રભુચરણ પૂર્વાચાર્ય કે પછી ગુરૂનું નામ લખેલું હોય તો તેને ગુરૂભેટ જ માનવામાં આવશે ! શાસ્ત્રનિષિદ્ધ દારૂ કે કાનૂન નિષિદ્ધ હથિયાર ધંધો નહીં. શું આખી દુનિયાને પોતાના જેવી જ બેવકૂફ સમજી રાખી છે? અરે બેવકૂફ ક્યારેક પકડાઈ જઈશ તો જેલમાં સબડવું પડશે ! તેમાંય એ તો ભાન જ નથી કે પકવાન (રાંધેલુ અન્ન) વેંચવાથી બ્રાહ્મણ શૂદ્ર બની જાય છે (આવા મૂઢે શાસ્ત્ર ન ભણ્યું હોય તે તો ક્ષમ્ય છે પણ કમ સે કમ વિશોધનિકા તો વાંચી હોત !) માત્ર ઓરકુટ ઉપર વિહાર કરતા શું આવડી ગયું જેનાથી પોતાની જાતને સકલશાસ્ત્રનિષ્ણાત માની લેવાની ભ્રાન્તિમાં ડૂબી ગયો ! કોઈ શાસ્ત્ર વ્યવસ્થિત ભણ્યા હોય તો બુદ્ધિ ચાલશે ને ! સો વર્ષની અંદરના ગોસ્વામિબાલકોના વચન પ્રમાણ માનવા નથી અને બધી વાતો ચિ.પુ.સિ.સં.શિ. અને વિમર્શની ચોરી-ચોરીને આમ બકતા રહેવું છે જાણે કે આ ગ્રંથ ભણી રાખ્યા હોય !

જો ખરેખર શ્રીનાથજીમાં આટલો સુદઢ ભાવ હોય અને શ્રીજીના પ્રસાદને પોતાના એટલા અધિક સૌભાગ્યનો વિષય માનતા હો તો વાપી કે બીજી કોઈ જગ્યાએ હવેલી ખોલવાની શું જરૂર છે? કેમ શ્રીનાથદ્વારા જઈને મુખિયા કે ભીતરિયા કે બાલભોગિયા

બનીને પરચારગી નથી કરતા? પ્રસાદની પાતળ તો મળશે કે નહીં ! જે પણ ગોસ્વામી નવી-નવી ધંધાદારી હવેલી ખોલીને શ્રીનાથજીના પ્રસાદની મહિમા ગાઈ રહ્યા છે, તેમાં હેતુ એમનો પોતાની હવેલીના પ્રસાદ વેચવાની ચાંડાલવૃત્તિની વકીલાતનો છે. જો ન હોય તો આવો સામે ! ચેલેંજ સ્વીકારો ! પોતાની હવેલી બંધ કરીને શ્રીનાથદ્વારામાં રહીને દેખાડો ! તો સાચી વાતની ખબર પડે કે વાક્પતિ શ્રીવલ્લભના તમે કેટલા સાચા વંશજ છો ! અરે ! સ્વયં ગો.તિ. મહારાજ ત્યાં જ્યારે રહેવા નથી માગતા. એમના ચિ. વિશાલબાવાને શ્રીજીના પ્રસાદને બદલે મેક્સિકન ચાઈનીઝ સામગ્રી વધારે ગમે છે, આ એમની ઓરકુટની પ્રોફાઈલમાં સ્વયં આ જોઈ શકાય છે. પોતાની પર્સનાલિટીને તે **'સેક્સી'** કહેવાનું પસંદ કરે છે. શ્રીજીના ભક્ત હોવાના સ્થાન ઉપર, તે પણ વલ્લભસિદ્ધાંતના સત્સંગને માટે. તો સેક્સ્યુઅલ સત્સંગ જ ઉદ્દેશ્ય લાગે છે, શ્રીનાથજીની ભકિત કે ભાવનો નહીં ! ખૈર, આ એમની પોતાની ચોઈસ હોઈ શકે છે પરંતુ ચિ.બુલશિંમથરાય જો સાચો વલ્લભવંશજાત હોય તો શ્રીનાથદ્વારામાં જઈને કેમ નથી રહેતો? શા માટે જ્યાં-ત્યાં હવેલી ખોલવાના કુંડાળા કાઢી રહ્યો છે? મુંબઈમાં હવેલી ખોલીને ધંધો ચલાવવાની લાળ ટપકાવવા વાળા અમારા ગુસાંઈઓને શ્રીનાથજીની સાથે શું લેવા-દેવા છે? રસીદ ઉપર ગોસ્વામી કે પૂર્વાચાર્યના નામ તો સરકારના ટ્રસ્ટ એકટના ચુંગાલમાંથી છટકવાનો એક ફ્રોડ છે. સ્ટિંગ ઓપરેશન કરવાવાળા મિડિયાની નજરોમાં આવવાથી એવો ભાંડો ફૂટી જશે બધી ગુરૂભેટ ભૂલી જવી પડશે. જો એના કુંવર લાડિલે શ્રીગોવર્ધનેશજી મહારાજના ઠાકોરજી હોય તો એમના તો બધા ઠાકોરજી અને સંપત્તિને હાઈકોર્ટે પબ્લિક ટ્રસ્ટ જાહેર કરી દીધું છે. તેથી પબ્લિક ટ્રસ્ટના ઠાકુરજીને ચોરી-છુપી રાખવાના વિરોધમાં એક જનહિત ફરિયાદની અરજી જો હું દાખલ કરી દઉં, ચેરીટી કમિશ્નરને ત્યાં, તો કુંવર લાડિલેની ભક્તિના પાખંડનો નશો હમણાં ઉતરી જાય. જો આ પ્રત્યુત્તરની પ્રતિલિપિ

પણ હું ચેરીટી કમીશનરને ત્યાં કમ્પલેનના રૂપમાં મોકલાવી દઉં તો ઝાડા પેશાબ છૂટી જશે કુંવર લાડિલેનો ધંધો કરવાવાળાને.

ભેટ ધરવાવાળાએ ભેટ જો ઠાકોરજીના માટે જ ધરી હોય તો કાયદાકીય ચુંગાલમાંથી બચવા માટે ગો.બા.ના નામ ઉપર ફાડવામાં આવેલી રસીદ 'ગુરૂભેટ' કેવી રીતે કહી શકાય છે? શાસ્ત્રપ્રમાણ દેખાડો સો વર્ષની અંદરના ગો.બા.ના વચન કે વર્તન નહીં. એક સભ્ય નાગરિકને માટે આવું કૃત્ય કાયદાકીય રીતે કેવી રીતે ઉચિત હોઈ શકે છે? ન તો શાસ્ત્ર અને ન કાનૂન પણ લેણ-દેણના વ્યવહારમાં એક તરફી માન્યતાને પ્રમાણિક માની શકાય છે.

અરે ! સ્મગલર, જે રસીદ નથી આપતા, તેઓ પણ માલ તો સાચો જ આપે છે. આ ધનના આંધળા ધનલોલુપ ધર્મગુરૂઓની બુદ્ધિની હલકાઈ તો જૂઓ કે માલ ભગવાનના પ્રસાદનો વેંચીને રસીદ ગુરૂભેટની ફાડીને દુનિયાને, કાયદાને, શ્રદ્ધાળુ જનતાને, અને સર્વોપરિ પુષ્ટિધર્મસંપ્રદાયને ઠગવામાં પોતાનો મહાન પુરૂષાર્થ સમજી બેઠા છે! રસીદ જે વ્યકિતના નામની ફાડવામાં આવી એમની સમજ કેમ પ્રમાણ નહીં ? શા માટે રસીદ દેવાવાળાની અર્થલોલુપતા જ મુખ્ય માને છે? દ્રવ્ય આપવાવાળો જો ઠાકોરજીની સેવા મનોરથ કે પ્રસાદ મેળવવાની ઈચ્છાથી દ્રવ્ય આપી રહ્યો છે, તો કાં તો લેવું જ ન જોઈએ, એની ભ્રમણાને અનુરૂપ સેવા મનોરથ કે પ્રસાદ વેંચી નથી રહ્યા તો. અને જો પોતાના સેવ્યની સેવા કે પ્રસાદી વસ્તુ વેંચી જ રહ્યા છો તો તેની જ રસીદ કેમ નથી આપતા? પુષ્ટિમાર્ગીય હવેલીના મહારાજોના ભગતિના પ્રાઈવેટ ધંધા, પ્રાઈવેટ પ્રોસ્ટીટ્યુશન (ખાનગી વેશ્યાવૃત્તિ)ની જેમ અનૈતિક અસમાજિક કે ગૈરકાનૂની અપરાધ ન હોય તો, જે હેતુથી દેવાવાળા પાસેથી દ્રવ્ય લેવામાં આવે છે તે હેતુની રસીદ તેને કેમ નથી આપતા?

હાં, તેના ઉપર જો શ્રીઠાકોરજીનું નામ કે શ્રીઠાકોરજીના ટ્રસ્ટનું નામ હોય તો તે દેવદ્રવ્ય માની શકાશે. અને તેનો ઉપભોગ યોગ્ય નથી. છતાં પણ શ્રીજીનો પ્રસાદ તો કોઈપણ કીંમતે કોઈપણ હાલતમાં ઉપયુકત ઉપયોગી અને ઉત્તમોત્તમ છે અને એને લેવાથી માર્ગીય સિદ્ધાંતનું કોઈ ઉલ્લંઘન નથી થતું. આ હું સમજ્યો છું મારા વાંચન અને સ્વાધ્યાય દ્વારા. નહીં કે કોઈના ચટપટા વ્યંગવાળા પ્રવચનોથી તમે સમજી રહ્યા છો ને મારો ઈશારો કોના તરફ છે?

દેવસેવા કે દેવપ્રસાદના વેચાણ દ્વારા ચાલતી હવેલીઓનો કોઈ રૂપિયા ભેગા કરવાવાળો પગારદાર નોકર શું ઠાકોરજીની હાજરીમાં હવેલીનો ગુ.બા. કે માલિક થઈ શકે છે? જો નહીં તો કારણ બે હોઈ શકે છેઃ ૧. કાં તો ઠાકોરજીને ગુ.બા. પોતાના ધન કમાવાનું સાધન જડમૂર્તિ માનતો હોવો જોઈએ. ૨. ગુ.બા. ઠાકોરજીને બાલભાવથી પોતાની વ્યવસ્થા કરવામાં અસમર્થ અને પોતાને એમનો ગાર્જિયન (પાલક) માનતો હોવો જોઈએ. ૧. માં ત્યાં દર્શન/પ્રસાદ લેવાની ગરિમા ખંડિત થઈ ગઈ. બીજામાં બાલકની સમ્પત્તિને એનો પાલક જો ખાઈ શકતો હોય તો ગુ.બા.ની સંપત્તિ વૈષ્ણવટ્રસ્ટી શા માટે નથી ખાઈ શકતા?

ચિ.મન્મથ બાવાનું કહેવું છે કે *"શ્રીઠાકોરજીનું નામ કે શ્રીઠાકોરજીના ટ્રસ્ટનું નામ હોય તો તે દેવદ્રવ્ય માની શકાય. અને તેનો ઉપયોગ યોગ્ય નથી."* પણ હું એ પુછવા માંગીશ કે નિવેદિત વસ્તુ પ્રભુની સામે સેવામાં ઉપયોગી થવાથી ગ્રાહ્ય હોવાનો માર્ગીય સિદ્ધાંત અહીં કેમ ભુલાવી દેવામાં આવ્યો?

એક કારણ દેવલકોની સનાતન દુવિધાવાળુ એ હોઈ શકે છે કે -

૧. ઠાકોરજી કે ઠાકોરજીના નામવાળા ટ્રસ્ટની રસીદ ફાડવાથી નાથદ્વારા અને મોટા મંદિરની હવેલીઓ ઉપર સાર્વજનિક ટ્રસ્ટ એક્ટ લાગુ થઈ ગયો અને મોટા મંદિરમાં એમના પિતામહ નિ.લી. માધવરાયજીની બેઈજ્જતી, સ્વયં તેમના દ્વારા

મનોનીત ટ્રસ્ટીએ કરી દીધી કે જેના કારણે અપમાનતિ બનીને નાસિક ગયા અને ત્યાં માસિવ હાર્ટ-એટેક આવી જવાના કારણે ચાલ્યા ગયા ! વાપીમાં ખોલવામાં આવેલી કે અહીં મુંબઈમાં ખોલવામાં આવનારી હવેલીઓમાં ક્યાંક એવી જ ઘટનાની પુનરાવૃતિ ન થઈ જાય તેનો ભય આ આત્મઘાતી જડબૂદ્ધિને લાગતો હોવો જોઈએ !

આ ખરેખર જો સાચું હોય તો જાહેરમાં કબુલ કરવું પડશે કે આ માર્ગીય સિદ્ધાંત નહીં પણ ચિ. મન્મથ બાવામાં ધંધાદારી હવેલી ચલાવવાના સીવાય બીજી કોઈપણ રીતથી આત્મગૌરવપૂર્ણ સિદ્ધાંતશુદ્ધ અર્થોપાર્જન કરી શકવાની યોગ્યતા નથી.

૨. બીજું કારણ એ હોઈ શકે છે કે પોતાનો ન તો કોઈપણ જાતનો સિદ્ધાંતગ્રંથોનો સ્વાધ્યાય છે અને ન જરા પણ સમજણ પણ વિમર્શકાર અને ચિ.પુ.સિ.સં.શિ.થી ફોન ઉપર પૂછી લીધું હશે કે આ યુક્તિનો શું જવાબ આપવો અને તે લોકોએ *'વિધવા કે પાય સુહાગિન લાગી... હો જા ભેના મો જૈસી'* આશિર્વાદ આપીને આ જડબુદ્ધિને આશ્વસ્ત કરી દીધાં હશે !

આને કદાચ ખબર હોય કે નહીં પણ તથ્ય એ છે કે ષષ્ઠપીઠના મિથ્યા દાવેદાર હોવાના કારણે સ્વયં વિમર્શકારે ચિ.પુ.સિ.સં.શિ.ને તે કાશીમાં ગોદ ગયેલા પોતાના નાનાભાઈ ગો. શ્યામમનોહરજીને ષષ્ઠપીઠાધીશ ન માની લ્યે એની ધમાલમાં પૂરી વાત વાંચ્યા-સાંભળ્યા વગર ગો.તિ.મ. હસ્તાક્ષરની સાથે પદવી તો પ્રદાન કરી દીધી. એમના પક્ષગ્રહણના આધાર ઉપર તો પદવીદાતા પોતે જ દેવલક સાબીત થઈ રહ્યા હતા. તેથી વિમર્શ લખીને જાનકે પડ ગયે લાલેથી છટકવુ પડ્યું ! આમેય વિચારણીય સિદ્ધાંતદ્રષ્ટયા આ જ છે કે સેવામાં નિવેદિત થયા પછી તો સામગ્રી જો ગ્રાહ્ય પ્રસાદ બની જતી હોય ટ્રસ્ટ ઠાકોરજીના નામનું હોય કે ન હોય

તેનાથી શું ફરક પડે છે. આ જડબુદ્ધિના સો વર્ષ પહેલાના કયા પૂર્વાચાર્યના વચન છે? જરાક રજુ કરીને તો બતાવે. ક્યાંક અર્થવિહિન બકવાશ કરવામાં જ કોઈ કાબેલિયત તો પ્રાપ્ત નથી કરી રાખીને ! વાર્તા સાહિત્યની બડાઈ ઠોકવાવાળા વાર્તા સાહિત્યમાં એવો પ્રસંગ કાઢીને બતાવે કે કયા પુષ્ટિપ્રભુનો પ્રસાદ મહાપ્રભુ કે પ્રભુચરણોએ ક્યારે અને કોને વેંચ્યો અને તે પણ આવી ખોટી રસીદ ખરીદવાવાળાના નામની ફાડીને.

આ બેવકૂફ બડાઈ ઠોકીને પૂછી રહ્યો છે કે ''આ હું સમજ્યો છું પોતાના વાંચન અને સ્વાધ્યાયથી. નહીં કે કોઈના ચટપટા વ્યંગભરેલા પ્રવચનોથી તમે સમજી રહ્યા છો ને મારો ઈશારો કોના તરફ છે?'' પરંતુ હું કહેવા માગીશ કે શ્રદ્ધાવિશુદ્ધ બુદ્ધિની સાથે ગ્રંથ ભણ્યા હોત તો આ ફજેતી શા માટે થાત? રહી વાત ''આનો ઈશારો કોના તરફ છે''ની તો ન તો એ મારા પ્રવચનોમાં ક્યારેય આવ્યો અને જેવો તે દાવો કરી રહ્યો છે એને પ્રવચનોંની કેસેટ સાંભળવી કે મેળવવી કે પુસ્તકો વાંચવા આવશ્યક હોવા જોઈએ. ત્યારે આ ઈશારો મારા તરફ તો હોઈ નથી શકતો ! ત્યારે કોના તરફ હોઈ શકે છે?

હાં, લ્યો બરાબર મોકે જ મને એક વાત યાદ આવી ગઈ! આનો ઈશારો એના પિતા ગોસ્વામી નિરજકુમારના મોટા મંદિરના બગીચામાં 'પુષ્ટિ અસ્મિતા' ગીતો ઉપર ડાંડીયા રાસના ગરબામાં જે સામે રામલીલાની જેમ એક દેવલકનું પુતળુ ઉભુ કરી બાળવામાં આવ્યું હતું, તે બાબતમાં એના પિતાના પ્રવચન ખરેખર ખૂબ જ ચટપટા વ્યંગભરેલા હતા ! અને કદાચિત આવા પિતાના પુત્ર હોવાની લજ્જા અનુભૂત થતી હોવાથી, મારા નાનાભાઈને પોતાના ધર્મપિતા માનીને, મારા પિતૃચરણને પોતાના ધર્મપિતામહ બનાવીને, પોતાની લજ્જાને શિથિલ કરવા માટે જ એના ઔરસ પિતાના ચટપટા વ્યંગ ભરેલા પ્રવચનોં ઉપર અતિ ચટપટો વ્યંગ આ કરી રહ્યો છે !

(વધુ આવતા પુષ્પોમાં)